# આશુરાના દિવસે જનાબે ઝયનબ(સ.અ.)

**પ્રસ્તાવનાઃ**

**અલ્લાહની મશીય્યતઃ**

ઈરશાદે બારી તઆલા છે કે અમને અમારા અસ્માએ હુસ્નાથી પુકારો, અમે તમારી અવાજ ઉપર લબ્બૈક કહેવા તય્યાર છીએ. અંબિયા અને મુરસલીન અને તેમના અવસીયા પૈગામ લઇને ફરિયાદીની ફરિયાદે પહોંચવા માટે આવતા રહ્યા. આ સિલસિલો દુનિયાને બનાવવાથી લઇને આજ સુધી અને કયામત સુધી કોઇ ન કોઇ સ્વરૂપમાં શરૂ છે અને શરૂ રેહશે. આ લાંબા એટલે કે ખુબ જ દૂરથી આવવાવાળી અને બહુ જ દૂર સુધી જવાવાળી મુદ્દતનું કેન્દ્રબિંદુ રોઝે આશુરાએ મોહર્રમ છે જે ઇલાહી યોજનાના સ્વરૂપોને એક તરફ ભૂતકાળના માર્ગદર્શનના નિશાનોની ઓળખ સ્થાપિત કરે છે અને જીવંત અને કાયમી રાખેલ છે તો બીજી તરફ ભવિષ્યમાં ઇન્સાનીય્યતની ઝમાનત માટે દરેક મંઝિલ પર પ્રકાશનો મિનારો સ્થાપી દીધો જેથી સજા અને જઝાના દિવસે અલ્લામા ઇકબાલના કૌલ પ્રમાણેઃ

*શિકવા અલ્લાહસે ખાકમ બદહન હૈ મુજકો કેહને કા કોઇ જવાઝ બાકી ન રહે*

## ખુરશી માટે રાજકારણ એટલે કે હુકુમત કરવા માટેઃ

શું તુ તેને ખલીફા બનાવીશ જે દુનિયામાં ખુન વહાવશે. આ અવાજ મલાએકાના સમૂહમાંથી બુલંદ થઇ હતી અને આ અવાજ સાંભળીને એ મખ્લુક જે મલાએકાની સફમાં આવી હતી એટલે કે શૈતાન એ વિરોધ પ્રદર્શીત કરતા કહ્યુ કે અમે માટીના બનેલા બંદા પર ફઝીલત અને ઉચ્ચતા રાખીએ છીએ. આ અવાજ મખ્લુકની હતી જેણે પોતાની ઇબાદત વડે મલકુતી મખ્લુકને પણ પાછળ રાખી દીધી હતી. અહીં દરેક અક્કલમંદ અને સમજુ માણસ આ હકીકતથી તો ઇન્કાર નથી કરી શકતો કે તાગુતની જુરઅત કેટલી છે કે જે કુન ફયકુનના માલિકની સામે ઉભો થઇ ગયો અને અલ્લાહે પોતાના આદિલ હોવાની બુનિયાદ પર ફેંસલો કર્યો અને તેને બેહકાવવા અને ગુમરાહ કરવા માટે ચોક્કસ સમયની મુદ્દતની મોહલત મળી ગઇ અને તે પોતાની રહીમીય્યતની સાથે દરગાહે ખુદાવંદીમાંથી ધુત્કારેલો થયો. કાબિલ કે જે એકસો વરસ સુધી હાબીલની લાશથી શૈતાનની સાથે રમતો રહ્યો. તે સમયથી લઇને આજ સુધી આ સત્તા ચલાવવાની રાજનીતિએ મઝલુમોના હક્કોને હાંસિલ કરવાની રાજનીતી, અંધકારના દરિયામાં જ નહી લોહીના વેહતા દરિયાઓમાં પેહલા ઘોડા દોડતા હતા. હવે બોંબ અને ઝેરીલા ગેસથી બિચારાઓના ઘરોને પાડી દેવામાં આવે છે. માસુમ બચ્ચાઓને આગના હવાલે કરી દેવામાં આવે છે, અગર જીવતા છે તો પોતાની એ માતાઓની છાતીથી લાગેલા છે જેનું દૂધ સુકાઇ ગયુ છે.

૨૨ મી સપ્ટેમ્બર ઇ.સ. ૨૦૧૪ નું ટાઇમ્સ ઓફ ઇન્ડિયા વાંચો. ઇરાકના ફૌજી આગેવાનોએ બયાન આપ્યુ છે કે ISIS એ અમેરિકાની ઘડેલ છે અને અમેરિકાનુ બયાન વાંચો એકદમ શરાફતની સાથે ઇન્કાર પણ છે અને તેને ખત્મ કરવાની વાતો પણ છે. આજની દુનિયામાં તેઓ જ આતંકવાદી ગુલામ બનાવી રહ્યા છે અને ઔરતોના નસીબમાં ફરીથી કનીઝી આવી. પરંતુ આ જ કરબલા અને આસપાસની જમીન છે જ્યાંના જાંબાઝ સિપાહીઓ આ ઝુલ્મના પૂરનો આજે પણ સામનો કરી રહ્યા છે.

કરબલાની અગાઉ અને કરબલાની પછી (કરબલાથી મુરાદ આશુરાનો દિવસ છે) એ ઝુલ્મોનો સામનો અંબિયા, અવસીયા, અવલીયા અને તેઓની હિદાયતના અનુયાઇઓ જ કરતા રહ્યા અને તાગુતી તાકાત જેવી રીતે ઉપર બયાન કરી ચુક્યા છીએ તેની સામે અડીખમ રીતે સામનો કર્યો અને કરી રહ્યા છે.

અનુસંધાન પાના નં. ૨૬ ઉપર ...

# જનાબે ઝયનબ(સ.અ.) કરબલાથી પહેલા

જનાબે ઝયનબ(સ.અ.) એટલે કરબલાથી મદીના સુધી દીને મોહમ્મદીને હંમેશની જીંદગી આપવાવાળા એક બા અઝમત ખાતૂન જે બોલવામાં સાહેબે નહજુલ બલાગાહ હઝરત અલી(અ.સ.)ની તસ્વીર હતા, તો અખ્લાકમાં હઝરત ફાતેમા(સ.અ.)ના અરીસા સમાન હતા.

પરવરદિગારે આલમે પહેલી શઅબાન હિ.સ. ૪ ના દિવસે જનાબે ફાતેમા(સ.અ.)ને એક અમૂલ્ય (અજોડ) ભેટ અતા કરી અને તે સમયે એવુ લાગતુ હતુ કે એહલેબૈત (અ.મુ.સ.)ના નૂરાની ઘરમાં એક સિતારો નાઝિલ થયો. જનાબે ઝયનબ(સ.અ.)એ હઝરત મોહમ્મદ(સ.અ.વ.), હઝરત અલી(અ.સ.), જનાબે ફાતેમા(સ.અ.), હઝરત હસન(અ.સ.) અને હઝરત હુસૈન(અ.સ.) જેવી પાકીઝા હસ્તીઓના ખોળામાં આંખ ખોલી.

આ તારીખ શીઆઓની દ્રષ્ટિએ મોઅતબર છે, જો કે જનાબે ઝયનબ(સ.અ.)ની બીજી વિલાદતની તારીખો પણ ઈતિહાસમાં મૌજુદ છે અને તેમની વિલાદતના સંબંધમાં બીજી બાબતો પણ બયાન કરવામાં આવી છે.

જેમકે મિસ્રની એક પ્રખ્યાત લેખિકા આયશા બિન્તે શાતી પોતાની એક કિતાબ ''ઝયનબ બતલતે કરબલા'' (જનાબે ઝયનબ(સ.અ.) કરબલાની એક સૌથી બહાદુર ખાતૂન)માં એક જગ્યાએ કંઈક આવુ લખવામાં આવ્યુ કે ''જનાબે ફાતેમા(સ.અ.)નુ એક બાળક રસુલ(સ.અ.વ.)ના પવિત્ર ઘરમાં (જન્મતા પહેલા જ) મૃત્યુ પામ્યુ, જે હસન (અ.સ.) અને હુસૈન(અ.સ.) પછી ત્રીજુ બાળક હતુ એટલે કે જનાબે ઝયનબ(સ.અ.) આ દુનિયામાં હઝરત મોહસીન (અ.સ.) પછી તશરીફ લાવ્યા, જ્યારે કે એ સાબિત થએલી હકીકત છે કે હઝરત મોહસીન(અ.સ.) ઈમામ અલી(અ.સ.) નુ પાંચમુ બાળક હતા, ત્રીજુ નહી અને તેમને માતાના પેટમાં જ કત્લ કરી દેવામાં આવ્યા હતા. જ્યારે શેહઝાદીએ કૌનેન પોતાના શૌહરની હિફાઝત માટે આગળ આવ્યા તો તેઓને દરવાજા અને દિવાલની વચ્ચે એટલી સખ્તીથી દબાવી દેવામાં આવ્યા કે જેના પરિણામે આપનો હમલ સાકિત થઈ ગયો. (જનાબે મોહસીનની શહાદત થઈ ગઈ)

આ હકીકત ઉપર બતલતે કરબલા કિતાબની લેખિકાએ પરદો નાખવાની કોશિશ કરી છે, જેથી આ નકાબમાં કેટલાય ગુનેહગારોના નાપાક ચેહરાઓ ઢંકાઈ જાય, જેના હાથ આ કત્લથી રંગાએલા છે.

ઈતિહાસમાં નોંધાએલુ છે કે ઈમામ હસન(અ.સ.) અને ઈમામ હુસૈન(અ.સ.) પછી જનાબે ઝયનબ(સ.અ.)ની સુરતમાં કુન અને ફ યકુનના માલિકે જનાબે ફાતેમા(સ.અ.)નો દામન રેહમતોથી ભરી દીધો. આપ હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની પહેલી નવાસી, હઝરત અલી(અ.સ.) અને હઝરત ફાતેમા(સ.અ.)ની પહેલી દુખ્તરે નેક અખ્તર અને ઈમામ હસન(અ.સ.) અને ઈમામ હુસૈન(અ.સ.)ની પહેલી સગી બહેન હતા.

જનાબે ઝયનબ(સ.અ.)ની વિલાદત પછી મૌલાએ કાએનાત અલી(અ.સ.) પોતાના ફરઝંદ ઈમામ હુસૈન (અ.સ.)ની સાથે જનાબે ઝયનબ(સ.અ.)ના ચહેરાએ અનવરની ઝિયારત માટે આવ્યા. જ્યારે ઈમામે હુસૈન(અ.સ.) ની નઝર તેમના નૂરાની ચહેરા પર પડી, તો ખુશીથી ઉછળી પડયા અને ફરમાવ્યુ:

*''......અય બાબાજાન! અલ્લાહે મને બહેન અતા કરી છે....''*

આ સાંભળીને ઈમામ અલી(અ.સ.) બે ઈખ્તીયાર રડવા લાગ્યા. આ રડવાથી ઈમામ હુસૈન(અ.સ.) પરેશાન થઈ ગયા અને પોતાના વાલીદે બુઝુર્ગવારથી રડવાનું કારણ પુછયુ, તેના જવાબમાં અલી(અ.સ.)એ આ રીતે કહ્યુ:

*''.....મારા દિકરા આનો જવાબ તમે થોડા સમયમાં જાણી લેશો....''*

રસુલે અકરમ(સ.અ.વ.) તે સમયે મદીનાથી

બહાર સફરમાં ગયા હતા. સરકારે અંબીયા જેવા મુસાફરીમાંથી પરત આવ્યા તો દર વખતની જેમ પહેલા પોતાની દિકરી જનાબે ફાતેમા(સ.અ.)ના ઘરે આવ્યા. ઘરમાં દાખલ થતા જ વિલાદતની મુબારકબાદી આપી. ઈમામ અલી(અ.સ.) આપ (સ.અ.વ.)ની તઅઝીમ માટે ઉભા થઇ ગયા અને પોતાની દિકરીને જનાબે ફાતેમા(સ.અ.)ના ખોળામાંથી લઇને નબી (સ.અ.વ.)ના ખોળામાં રાખી દીધી. નબી(સ.અ.વ.)એ બાળકીને બોસો આપ્યો અને પોતાની જીભને બાળકીના મોં માં રાખી દીધી.

તે સમયે હઝરત જીબ્રઇલ(અ.સ.) નાઝિલ થયા અને ફરમાવ્યુંઃ ''અય અલ્લાહના રસુલ(સ.અ.વ.) ખુદાવંદે મુતઆલની તરફથી આ બાળકીનુ નામ 'ઝયનબ' (સ.અ.) રાખવામાં આવ્યુ છે'' આટલુ કહીને તેઓ રડવા લાગ્યા. જ્યારે રસુલે ખુદા(સ.અ.વ.)એ રડવાનું કારણ પુછ્યુ તો જીબ્રઇલ(અ.સ.)એ ફરમાવ્યુઃ ''અય ખુદાના રસુલ(સ.) આ દિકરીને બાળપણથી જ દુઃખો અને મુસીબતોનો સામનો કરવો પડશે. સૌથી પહેલી મુસીબત એ હશે કે તેણે આપની જુદાઇમાં રડવુ પડશે. તેના પછી પોતાની માઁ ની જુદાઇમાં (મૃત્યુ ઉપર) આંસુ વહાવશે. પછી પિતા અલી(અ.સ.) અને ભાઇ હસન (અ.સ.) પર રડશે. પછી કરબલાના જંગલમાં પોતાના વ્હાલા ભાઇને ગુમાવી દેશે. તેના પછી કરબલાથી કુફાના બજારો સુધી અને કુફાના બજારોથી શામના દરબાર સુધી આ દિકરી ઉપર ગમ અને મુસીબતોના એવા એવા પહાડો તૂટી પડશે કે જેના લીધે તેમના વાળ સફેદ થઇ જશે અને કમર વાંકી વળી જશે.

આ સાંભળીને રસુલે ખુદા(સ.અ.વ.) બેચૈન થઇ ગયા અને આપની મુબારક આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા. તે સમયે ઈમામ હુસૈન(અ.સ.) પોતાના પિતાના રડવાનુ કારણ સમજી ગયા. જ્યારે સલમાને ફારસી(અ.ર.)ને વિલાદતની ખબર પડી તો તેઓ મૌલાએ કાએનાત પાસે મુબારકબાદી દેવા આવ્યા. પરંતુ તેમણે મૌલાએ કાએનાતને ગમગીન જોયા તો દુઃખનુ કારણ પુછ્યુ. મૌલાએ મુત્તકીયાને પુરો વાકેઓ વિગતવાર બયાન કર્યો અને એ તમામ ઝુલ્મો સિતમનો ઝિક્ર કર્યો, તો સલમાને ફારસી(અ.ર.) પણ રડવાવાળાની યાદીમાં શામિલ થઇ ગયા.

રસુલે ખુદા(સ.અ.વ.)એ પોતાની દિકરીનુ નામ ઝયનબ રાખ્યુ, જેના બે અર્થ મળે છે. લેસાનુલ અરબ મુજબ ઝયનબ એક વૃક્ષ છે જે ખૂબ સુરત અને ખુશ કરનાર, ખુશ્બુ દેવાવાળુ છે, અને ફિરોઝાબાદી પોતાની કિતાબ 'અલ કામુસુલ મુહીત' માં આ રીતે લખે છે કે ઝયનબ શબ્દ 'ઝૈન' અને 'અબ' થી બન્યો છે. (શીઆઓની દ્રષ્ટિએ બીજો અર્થ યોગ્ય છે) એટલે કે તે પોતાના પિતા અલી(અ.સ.)ની 'ઝિનત' હતા.

એટલા માટે નહી કે તેઓ આપની દિકરી હતા. એટલા માટે પણ નહી કે તેઓ આપના નૂરે મુકદ્દસના ટૂકડો હતા, પરંતુ એટલા માટે કે બચપણથી જ આપ(સ.અ.)એ પોતાની પવિત્ર ઝાતને સૌથી બલંદ સિફતોથી ભરપૂર બનાવી દીધી હતી, બેહતરીન ગુણો અને સિફતોથી પોતાની જાતને તૈયાર કરી લીધી હતી. ઇબાદતો અને સઆદતોના લીધે હકની એ બુલંદી હાસિલ કરી લીધી હતી, જેના લીધે રસુલે ખુદા (સ.અ.વ.)ના જાનશીન હઝરત અલી(અ.સ.)ની ઝિનત બનવાનો શરફ હાસિલ થયો હતો અને તે મહાન શખ્સીય્યતનો અરીસો બની ગયા, જેના નૂરથી ચારેય બાજુએ પ્રકાશિત હતી અને કાએનાત મુનવ્વર હતી.

જનાબે ઝયનબે આલીયા(સ.અ.)ની બુધ્ધિમત્તા, ડહાપણ અને ઇલ્મ અને અક્કલમંદી બાળપણથી જ અસાધારણ અને મશહુર હતી. તેથી કબીલાના લોકો આપને 'અકીલાએ બની હાશીમ' કહેતા હતા. દુખ્તરે અલી(અ.સ.) રહેમદિલ અને સખાવતથી ભરપૂર હતા અને તેમનામાં હંમેશા બીજા માટે મોહબ્બત અને હમદર્દીનો જઝબો નઝર આવતો હતો. એક વખત મૌલાએ કાએનાત એક જરૂરતમંદને લઇને ઘરે પહોંચ્યા અને શેહઝાદીએ કોનૈન(સ.અ.)ને ફરમાવ્યુઃ ''યા ફાતેમા(સ.અ.) શું મેહમાનને જમાડવાનો બંદોબસ્ત થઇ શકશે?'' તો મઅસુમાએ અઅલમ(સ.અ.)એ ફરમાવ્યુઃ ''યા અબુલ હસન(અ.સ.) અત્યારે ઘરમાં ખાવા માટે કશુ જ નથી, સિવાય થોડોક ખોરાક કે જે મેં ઝયનબ(સ.અ.) માટે રાખ્યો છે.'' આ સાંભળીને અકીલાએ બની હાશીમ (જનાબે ઝયનબ સ.અ.) દોડીને પોતાની માતા પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે ''અય માદરે ગિરામી જમવાનુ મારા બાબાજાનના

મહેમાનને આપી દયો, હું પછી જમી લઇશ'' આ સાંભળીને માતાએ પોતાની દિકરીને કલેજેથી લગાવી દીધી અને પિતાની આંખોમાં શફકત અને ખુશીની લહેર દોડી ગઇ અને ઇમામ અલી (અ.સ.)એ ફરમાવ્યુ:

*''તમે ખરેખર પિતાની ઝિનત છો''*

જનાબે ઝયનબ(સ.અ.)ની પરવરીશ પાંચ મઅસુમોએ કરી અને તેમની તઅલીમ એવી હસ્તિઓ થકી થઇ, જેઓ આયતે તત્હીરના મિસ્દાક હતા. અગર તમે તેમની ઇલ્મી તરબીયતની તરફ નજર કરો તો કલમમાં એ શક્તિ નથી કે તે કાગળ પર ચાલી શકે. કલમ અટકી જશે, શબ્દો ખૂટી જશે, કેમ કે તેમની તરબીયત એક સીર્રે નીહા (છુપો ભેદ) છે, જેમની મઅરેફત કોઇના પાસે નથી કે આપની પાસે કેટલુ ઇલ્મ હતુ? અને આ ઇલ્મ આપની પાસે કેવી રીતે આવ્યુ? પરંતુ તે ચોક્કસ રીતે સાબિત છે કે જે રીતે આપની ઇલ્મી તરબીયત થઇ છે કે તેનો કોઇ જવાબ નથી અથવા તો એમ સમજો કે જેણે સાહેબે નહજુલ બલાગાહ અને જનાબે સિદ્દીકાએ તાહેરા (સ.અ.)થી તરબીયત મેળવી હોય, તો પછી ક્યાં ચર્ચાકાર, લેખક અને મુતકલ્લીમમાં એટલી તાકત છે કે આ ઇલ્મના ખજાના ઉપર રૌશની નાખે જે જનાબે ઝયનબ (સ.અ.)ના સીનામાં છુપાએલુ છે.

જનાબે ઝયનબ(સ.અ.) જ્યારે પાંચ વર્ષના થયા ત્યારે તેમણે એક સ્વપ્ન જોયુ, જે નવાઇભર્યુ હતુ. આપ(સ.અ.)એ જોયુ કે..........

શહેરમાં એક જબરજસ્ત તોફાન આવ્યુ છે. ભયાનક વાવાઝોડુ ચાલી રહ્યુ છે. જમીન અને આસ્માન ભયાનક અંધકારમાં ડુબી ગયા છે. તેઓ પોતે આ તોફાની વાવાઝોડામાં આજુ-બાજુ ચક્કર ખાઇ રહ્યા છે કે અચાનક તેમણે પોતાની જાતને એક મજબુત વૃક્ષને પકડેલી જોઇ. પરંતુ તોફાન એટલુ વધારે સખ્ત હતુ કે આ મજબુત વૃક્ષ પણ ઉખડી ગયુ. પછી તેઓએ એક ડાળીને મજબુતીથી પકડી લીધી, તે તુટી ગઇ. પછી આપે બીજી ડાળીને પકડી અને તે પણ તુટી ગઇ. તેના પછી આપે બે શાખાઓને પકડી લીધી અને તે બંને પણ તુટી ગઇ અને જનાબે ઝયનબ(સ.અ.) કોઇ પણ સહારા વગરના રહી ગયા.

આ સ્વપ્ન જોઇને તે ડરીને જાગી ગયા અને પોતાના નાના રસુલે ખુદા(સ.અ.વ.)ની ખિદમતમાં પહોંચ્યા અને તેમનાથી પોતાના સ્વપ્નને બયાન કર્યુ, તો રસુલે ખુદા (સ.અ.વ.) આ સ્વપ્નને સાંભળીને ખુબ રડ્યા અને ફરમાવ્યુ કે અય ઝયનબ(સ.અ.) એ મોટુ અને મજબુત વૃક્ષ હું છું. તેના પછીની બંને ડાળીઓ તમારા પિતા અલી(અ.સ.) અને તમારા પવિત્ર માતા છે અને તેના પછીની બે ડાળીઓ તમારા બંને ભાઇઓ હસન(અ.સ.) અને હુસૈન(અ.સ.) છે. આ બધા તમારાથી પહેલા આ દુનિયામાંથી રૂખ્સત થઇ જશે અને તમારે એકલાએ ઝમાનાની મુશ્કેલીઓને સહન કરવી પડશે. બન્યુ પણ તેમજ કે એકલા જનાબે ઝયનબ(સ.અ.)એ એવી મુસીબતોને સહન કરી કે જેનુ કદ પહાડોથી પણ વધારે બુલંદ હતુ.

હજુ આપનુ બાળપણ હતુ કે નાના રસુલે ખુદા (સ.અ.વ.) આ ફાની દુનિયાથી ચાલ્યા ગયા અને તેના પછી થોડા દિવસોમાં માઁ નો છાયો પણ સર પરથી ચાલ્યો ગયો. ગમોની શરૂઆત થઇ ચુકી હતી, જે ઝિંદગીની આખરી પળો સુધી આપની સાથે રહી.

ઝમાનાના ચડાવ-ઉતાર (મુસીબતો)એ કમસીન ઝયનબ (સ.અ.)ને આવનારા સમયના મહાન ફરાએઝને અદા કરવા માટે શક્તિશાળી અને મુસ્તહકમ બનાવી દીધા. માતાની શહાદત પછી જનાબે ઝયનબ(સ.અ.)એ કુટુંબની જવાબદારી સંભાળી લીધી અને ખુબ જ સારી રીતે તેને અંજામ આપી. પોતાની જવાબદારીમાં ક્યારેય ભૂલ નથી કરી. આપ બધાનુ ખુલુસતા અને મોહબ્બતથી ધ્યાન રાખતા હતા. પોતાના ભાઇઓ અને બહેનથી આપને ખૂબ જ લાંગણી હતી. ખાસ કરીને ઇમામ હુસૈન(અ.સ.)થી. જેથી એક વખત મઅસુમાએ આલમ(સ.અ.)એ રસુલે ખુદા(સ.અ.વ.)થી કહ્યુ કે અય બાબા જાન! મને ઝયનબ(સ.અ.) અને હુસૈન(અ.સ.)ની મોહબ્બત જોઇને ખુબ જ નવાઇ લાગે છે કારણ કે ઝયનબ (સ.અ.) અગર એક પળ માટે પણ ઇમામ હુસૈન(અ.સ.)ને ન જોવે તો બચૈન થઇ જતા. રસુલે ખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યુ કે બેટી, તેઓ ભવિષ્યમાં પોતાના ભાઇ હુસૈન (અ.સ.)ની મુસીબતોમાં શરીક

અનુસંધાન પાના નં. ૨૫ ઉપર ...

# સય્યદા જનાબે ઝયનબ(સ.અ.) કરબલાથી શામના માર્ગો પર

ઈસ્લામી ઈતિહાસ પર ધ્યાનપૂર્વક નજર કરવામાં આવે તો માલુમ થશે કે કરબલાના બનાવ પેહલાનો ઈતિહાસ એ ઈસ્લામ નાઝિલ થવાનો અને ઈસ્લામના સંદેશાઓને પહોંચાડવાનો ઈતિહાસ છે, અને કરબલા તથા કરબલા પછીનો ઈતિહાસ ઈસ્લામની બકાનો ઈતિહાસ છે. ઈસ્લામ આવ્યો જરૂર પણ ઈસ્લામના દુશ્મનો હંમેશા ઈસ્લામની શરૂઆતથી જ તેને મિટાવી દેવા તૈયાર હતા. કરબલાનો બનાવ જ ઈસ્લામી ઈતિહાસનો એક એવો બનાવ છે જેણે ઈસ્લામના દુશ્મનોના ચેહરાઓ પરથી નકાબ હટાવી દીધી અને દુનિયા જ્યાં સુધી બાકી રેહશે ત્યાં સુધી માટે એલાન કરી દીધુ અને કરતા રહેશે કે ઈસ્લામને મિટાવવાવાળા કોણ લોકો હતા અને છે, અને ઈસ્લામને બચાવવાવાળા ક્યા લોકો હતા અને છે. આ લેખમાં અમે એ દુશ્મનો અને વિરોધીઓની વિગત બયાન કરવા નથી ચાહતા. અલબત્ત અમે ઈરાદો કર્યો છે કે આશુરાના બનાવ પછી કરબલાથી શામ સુધી અસીરાને કરબલા અને ખાસ કરીને હઝરત ઝયનબ બિન્તે અમીરૂલ મોઅમેનીન (અ.સ.)એ કેવી કેવી મુસીબતો સહન કરી અને કેવી રીતે ઈમામ હુસૈન (અ.સ.)ની શહાદત અને પોતાના બુઝુર્ગવાર હઝરત મોહમ્મદે મુસ્તફા(સ.અ.વ.)ના દીનની હિફાઝતના માટે દુશ્મનોની વચ્ચે હકના સંદેશાનો પ્રચાર કર્યો. અમુક બનાવોનો ઉલ્લેખ કરીએ:

એ પેહલા કે આપણે મૂળ વિષય પર આવીએ ટૂંકાણમાં આ લખવુ જરૂરી સમજીએ છીએ કે કરબલાના અસીરોનો કાફલો કરબલાથી શામ સુધી ક્યાં રસ્તાઓથી પસાર થયો હશે.

કુફા અને શામના સફર માટે ત્રણ રસ્તાઓ છે અને શક્યતા એ છે કે કાફલાના અસીરો આ ત્રણ માંથી એક રસ્તા પરથી પસાર થયા છે. સૌથી ઓછા અંતરવાળો રસ્તો ''બાદીયતુશ્શામ'' નો છે, જે આશરે ૮૦૦ કિલોમીટરનો બનેલો છે. બીજો રસ્તો ફુરાતના કિનારે કિનારે છે અને અમુક જગ્યાએ પાણી પરથી પસાર થવુ પડે છે અને આ લગભગ ૧૨૦૦ કિલોમીટરનો રસ્તો છે અને ત્રીજો રસ્તો સૌથી લાંબો છે જે ૧૬૦૦ કિલોમીટર જે જુદા જુદા શહેરો જેમકે તિકરીત, મુસલ, નસીબૈન અને હલબ વિગેરેથી પસાર થાય છે. આજની તારીખમાં અગર આ રસ્તાઓને જોવામાં આવે તો કેટલાય મુલ્કોમાંથી પસાર થાય છે. એક રસ્તો રાહે સુલ્તાની પણ છે જે લગભગ ૧૫૪૫ કિલોમીટર છે.

અસીરોનો કાફલો ઉપરોક્ત માર્ગો પરથી જ પસાર થયો હતો, એવો ભરોસાપાત્ર અને જુનો ઈતિહાસ આપણી પાસે નથી અને એહલેબૈત(અ.મુ.સ.)ની કોઈ હદીસ આ બારામાં આપણી પાસે નથી. અલબત્ત જે કાંઈ આપણી સુધી પહોંચ્યુ છે એ અમુક આંશિક અને અપુરતી નિશાનીઓ કે જે છૂટી છવાઈ અને વેરવિખેર સ્વરૂપમાં અમુક કિતાબોમાં આવી છે અને આ ઉપરાંત અમુક દાસ્તાનો અને બિનભરોસાપાત્ર બનાવો અમુક અપ્રમાણભૂત કિતાબોમાં આવ્યા છે અને તે જ બાબત બીજી કિતાબોમાં પુનરાવર્તીત થઈ છે.

બહરહાલ જે વાત ધ્યાન દેવા લાયક છે તે એ કે અમુક બનાવો એવા મળી આવે છે જેમાં કરબલાના અસીરોની મુલાકાત વિવિધ શહેરો અને જગ્યાઓ પર જુદા જુદા લોકોની સાથે થઈ છે અને આ બનાવો ભરોસાપાત્ર કિતાબોમાં વર્ણન થયા છે. આથી એ પુરાવાના આધારે ''બાદીયતુશ્શામ''ના રસ્તાને બીજા રસ્તાઓ પર અગ્રતા આપી શકાય છે. એનુ એક કારણ એ પણ બતાવવામાં આવે છે કે ઉમવી હુકુમતે આશુરાના પછી તરત જ કુફામાં ઈમામ સજ્જાદ(અ.સ.) અને જનાબે ઝયનબ(સ.અ.)ના બહાદુરી ભરેલા અને દિલેર ખુત્બાઓથી એ અંદાજો લગાવી લીધો હતો કે અગર કૈદીઓ લોકોની વચ્ચે પહોંચી જશે તો ઉમવી હુકુમતની ઝુલ્મો જોરની જાહેરાત થશે. આથી હુકુમતે ચાહ્યુ કે અસીરોની પહોંચ ઓછામાં ઓછા લોકો સુધી થાય અને ''બાદીયતુશ્શામ'' નો રસ્તો ઓછી વસ્તીવાળો છે.

ઉપરાંત મોટા શહેરોથી ખાલી છે.

આ ટુંકી પ્રસ્તાવના પછી અમે અમારા મૂળભૂત વિષય પર આવીએ છીએ. કરબલાથી શામના માર્ગોમાં કુફા એ ખાસ હૈસીયત ધરાવનારૂ છે.

## કુફાની તરફ:

૧૧ મી મોહર્રમ હિ.સ. ૬૧ ઝોહર પછી એહલેબૈતે અત્હાર(અ.મુ.સ.)નો કાફલો કરબલાથી કુફાની તરફ રવાના થયો. હવે ઇમામ ઝૈનુલ આબેદીન(અ.સ.) ઝમાનાના ઇમામ હતા. આ કાફલાની તમામ બાબતોના આપ જવાબદાર હતા અને બધા પર આપની ઇતાઅત વાજીબ હતી. એહલેબૈત (અ.મુ.સ.)ની સૌથી બુઝુર્ગ વ્યક્તિ કાફલામાં જનાબે ઝયનબ (સ.અ.) હતા. જેઓ બિમાર ઇમામ હઝરત સજ્જાદ(અ.સ.) અને પુરા કાફલાની હિફાઝત માટે નિયુક્ત હતા. જાણે કે આપ કાફલા સાલાર હતા.

ઔરતો અને બચ્ચાઓ કે જેમણે આશુરાના દિવસે રંજો ગમ અને તકલીફો વેઠી હતી, પોતાની આંખોથી દિલ હચમચાવી દેનારા બનાવો જોયા હતા, અઝીઝોની લાશોને જોઇ હતી, ઘોડાઓની ટાપોથી લાશાઓને પાયમાલ થતા જોયા હતા. એવી ઔરતો અને બચ્ચાઓની માનસિક પરિસ્થિતિ કેવી રહી હશે તેનો અંદાજો આપણે નથી લગાવી શકતા. આ હાલતમાં તેઓને સંભાળવા સહેલુ કામ ન હતુ પરંતુ ઇતિહાસ ગવાહ છે કે જનાબે ઝયનબ(સ.અ.)એ એ બધાને સંભાળ્યા.

ઇમામ હુસૈન(અ.સ.) અને તેમના અસ્હાબોના લાશાઓ કફન દફન વગરના જંગલમાં છોડી દેવામાં આવ્યા અને ઉમરે સઅદ(લ.અ.)એ એહલેબૈત(અ.મુ.સ.)ને કરબલાથી કુફા રવાના કરી દીધા. ઔરતો, બચ્ચાઓ, કનીઝો અને ઇમામ સજ્જાદ(અ.સ.) પલાણ (કજાવા) વગરના ઉંટો પર સવાર કરી દેવામાં આવ્યા. કામિલ બહાઇમાં લખ્યુ છે કે ૨૦ ઔરતો હતી અને ઇમામ બાકિર(અ.સ.) ચાર વરસના હતા અને ઇમામ સજ્જાદ(અ.સ.)ની સાથે સાથે હતા. ખુદાએ બંનેને સુરક્ષિત રાખ્યા.

(નફસુલ મહમુમ, ફસ્લ ૫/૨૦૯)

## ઇમામ સજ્જાદ(અ.સ.)ની બેતાબી:

શોહદાના સરોને નેઝાઓ પર બુલંદ રાખવામાં આવ્યા હતા. આ કાફલો કુફા પહોંચ્યો. ઇમામ સજ્જાદ(અ.સ.) ફરમાવે છે કે એહલેબૈત(અ.મુ.સ.)ના હરમ અને અન્ય ઔરતોને ઉંટો પર સવાર કરીને કુફા રવાના કરવા લાગ્યા તો મેં શોહદાને ખુનમાં લથપથ જમીન પર જોયા. આ મારા માટે ખુબ જ ભારે હતુ. જે કાંઇ જોઇ રહ્યો હતો તેનાથી અચંબામાં અને હૈરાન હતો અને નજદીક હતુ કે મારી જાન નિકળી જાય. એ સમયે મારી ફુફી હઝરત ઝયનબ(સ.અ.)એ મારા રંજો ગમ અને પરેશાનીના ચિહ્નોને જોયા અને મને કહ્યુ: અય મારા નાના અને મારા બાબા અને મારા ભાઇની નિશાની તમે અત્યારે તમારી જાનને તમારી હથેળીમાં રાખેલા છો. શું તમે તમારી જાન આપી દેશો? મેં કહ્યુ: (અય ફુફી અમ્મા) હું બેતાબ કેમ ન થાઉ? મારી ધીરજ ખૂટી કેમ ન જાય? હું મારા સય્યદો સરદાર અને ભાઇઓ અને ચાચાઓ અને મારાથી સંબંધિત લોકોને ખુનમાં લથપથ ઝમીન પર જોઇ રહ્યો છું. તેમના લિબાસને લૂંટી લેવામાં આવ્યો, ન કોઇ કફન દેવાવાળુ છે, ન કોઇ દફન કરવાવાળુ છે, કોઇ તેમની તરફ આવતુ નથી અને કોઇ તેમની પાસે નથી. જાણે કે આ લોકો આપણને મુસલમાન જાણતા નથી.

## રાવીએ બશારત, જનાબે ઝયનબ(સ.અ.):

ઇમામ સજ્જાદ(અ.સ.)ની બેચેની અને વ્યાકુળતા પર, આલેમાએ ગય્રે મોઅલ્લેમા હઝરત ઝયનબ(સ.અ.)એ ફરમાવ્યુ: આ બાબતો તમને બેતાબ ન કરે. રસુલે ખુદા (સ.અ.વ.)નો વાયદો છે તમારા જદ્દ (હઝરત અલી અ.સ.) અને તમારા પિતા (ઇમામ હુસૈન અ.સ.) અને તમારા કાકા (ઇમામ હસન અ.સ.)ની સાથે, અને ખુદાએ આ ઉમ્મતના એક સમૂહની સાથે વાયદો લીધો છે કે ઝમીનના ફિરઓન તેમને નહી ઓળખે પરંતુ આસ્માનોના ફરિશ્તા તેમને ઓળખશે અને તેઓ આ વિખરાયેલા હાડકાઓને ભેગા કરશે અને આ ખુનથી લથપથ શરીરોને દફનાવશે અને આ તુફ (કરબલા)માં તમારા વાલિદ સય્યદુશ્શોહદા (અ.સ.)ની કબ્ર પર નિશાની રાખશે, જેની અસર ક્યારેય જુની નહી થાય અને તેનુ નિશાન રાત અને

દિવસના પસાર થવા સાથે ખત્મ નહી થાય. કુફ્રના રેહબરો અને ગુમરાહીઓના પૈરવકારો તેને મીટાવવાની કોશિશો કરશે પરંતુ તે એ હાલતમાં પણ સૌથી વધુ જાહેર હશે અને આ કામ આ જ રીતે આગળ વધતુ રેહશે.

એટલે તેની બુલંદી વધતી જશે.

(નફસુલ મહમુમ, ફસ્લઃ ૫, પાના નં. ૨૧૦)

**યાદ દેહાનીઃ**

આ હદીસ ગૈબની ખબરો અને અઇમ્મા(અ.મુ.સ.)ના મોઅજીઝામાંથી છે. આ હદીસ કિતાબોમાં મૌજુદ છે અને સાડા તેરસો વરસથી વધારે સમય પસાર થઇ ચુક્યો છે અને જનાબે ઝયનબ(સ.અ.)થી વર્ણવાયેલી આ આગાહી છે. આજે ખુબ જ વધારે સ્પષ્ટ અને પ્રકાશિત તથા સાચી દેખાય છે. કરબલા આબાદ છે.

## કુફામાં જનાબે ઝયનબ(સ.અ.):

શૈખ મુફીદ અને શૈખ તુસી(ર.અ.)એ ખઝલમ ઇબ્ને સુતૈરથી રિવાયત કરી છે કે તેણે વર્ણન કર્યુ કે હું હિ.સ. ૬૧ મોહર્રમમાં કુફામાં દાખલ થયો અને તે સમયે હઝરત અલી ઇબ્નુલ હુસૈન(અ.સ.)ને અને એહલેબૈત(અ.મુ.સ.)ની ઔરતો અને બચ્ચાઓને કુફામાં લાવવામાં આવ્યા અને ઇબ્ને ઝિયાદ(લ.અ.)ના લશ્કરે તેમને ઘેરેલ હતા અને કુફાના લોકો પોતાના ઘરોમાંથી નીકળીને તમાશો જોઇ રહ્યા હતા. જ્યારે એહલેબૈતને બેકજાવા ઉંટો પર કુફામાં દાખલ કરવામાં આવ્યા તો કુફાની ઔરતો પર ગમગીની છવાઇ ગઇ અને તેઓ ગીર્યા અને ફરિયાદ કરવા લાગ્યા. એ સમયે મેં અલી ઇબ્નુલ હુસૈન(અ.સ.)ને જોયા કે આપ(અ.સ.) સખ્ત બિમારી અને કમજોરીની હાલતમાં તોક અને ઝંજીરમાં જકડાયેલા છે, આપ(અ.સ.)ના હાથો ગરદન સાથે બંધાયેલા છે. એ સમયે આપ(અ.સ.)એ ધીમેથી પુછ્યુ કે શું આ ઔરતો અમારી ઉપર ગીર્યા કરી રહી છે, અમને કોણે કત્લ કર્યા છે?

એ સમયે હઝરત ઝયનબ(સ.અ.)એ ખુત્બાની શરૂઆત કરી અને ખુદાની કસમ મેં આવા હયા અને ઇફ્ફતવાળા, ફસીહ અને બલીગ જનાબે ઝયનબ બિન્તે અલી(અ.સ.)થી વધારે કોઇ ઔરતને જોઇ નથી કે પોતાના પિતાની ઝબાનથી ગુફતગુ કરી રહ્યા છે અને અમીરૂલ મોઅમેનીન(અ.સ.)ના જુમ્લાઓ તેમની ઝબાનથી નિકળી રહ્યા છે. આ શોર બકોરવાળા લોકોના સમૂહમાં જ્યાં દરેક બાજુ અવાજ આવતી હતી. લોકોની તરફ ઇશારો કર્યો કે ખામોશ થઇ જાવ. જેવો ઇશારો થયો કે તમામ લોકો ખામોશ થઇ ગયા. ઉંટોની ઘંટીઓની અવાજ પણ રોકાઇ ગઇ અને લોકો પોત પોતાની જગ્યાએ સ્થિર થઇ ગયા. પછી આપ(સ.અ.)એ ખુત્બો શરૂ કર્યો અને ખુદાની હમ્દો સના અને સાહેબે લવલાક હઝરતે મોહમ્મદે મુસ્તફા (સ.અ.વ.) પર દુરૂદો સલામના પછી શરૂ કર્યુઃ

***યા અહ્લલ્ કુફતે યા અહ્લલ્ ખત્લે વલ્ ગદ્રે***
***વલ્ ખઝ્લે અલા ફલા રકઅતીલ્ અબ્રત....***

(મુન્તહુલ આમાલ, શૈખ અબ્બાસ કુમ્મી(ર.અ.), ભાગઃ ૧, પાના નં. ૪૧૦ – એહતેજાજે તબરસી, ભાગઃ ૨, પાના નં. ૧૧૦ – જિલાઉલ ઓયુન, બાબઃ ૫, પાના નં. ૪૧૦)

***“અય કુફાવાસીઓ! અય દગો દેવાવાળા લોકો, અય મક્કાર અને ખયાનતકાર લોકો! શું તમે અમારા માટે રોવો છો અને રોવુ અને ફરિયાદ કરવી અમારા માટે છે? ખુદા કરે તમારી આંખોમાંથી આંસુઓનુ પુર રોકાય નહી. તમારા સીનાઓમાંથી રોવાનો, ચીખો પુકાર કરવાનો સિલસિલો ક્યારેય ખત્મ ન થાય. તમે એ ઔરતની જેવા છો જે પોતાના સુતરને મજબુતીથી કાંતવા પછી તેના દોરાઓને ખોલી નાખે. તમે ઇમાનની રસ્સીના ભાગલા પાડી અને તેને ખોલી નાખી અને કુફ્રની તરફ પલટી ગયા. તમારામાં કોઇ સારી આદત અને ખાસિયત નથી. અલબત્ત તમે બડાઇ દર્શાવવા, ખુદ પસંદી કરવા અને કનીઝોની જેમ ખુશામતખોર, અને દુશ્મનોની જેમ આંખથી ઇશારા કરવા અને ચુગલખોરી કરવાવાળા છો. તમારૂ ઉદાહરણ એ ઘાસ જેવુ છે જે કચરાની જગ્યાએ ઉગેલુ હોય અથવા એ સફેદી જે કબ્રની ઉપર લગાવવામાં આવી હોય. બસ તમે તમારી આખેરત માટે બુરૂ ભાથુ મોકલ્યુ છે અને પોતાને હંમેશા માટે જહન્નમી બનાવી લીધા છે. શું તમે***

*અમારી ઉપર ગીર્યા કરો છો? જ્યારે તમે જ અમને કત્લ કર્યા? ખુદાની કસમ તમારે ખુબ જ રોવુ જોઇએ અને ઓછુ હસવુ જોઇએ કારણ કે તમે હંમેશની ઝિલ્લત અને અપમાન, ઐબ અને કલંકને પોતાના માટે ખરીદી લીધુ છે. આ ઝિલ્લત અને રૂસ્વાઇનો ડાઘ કોઇ પણ પાણીથી જશે નહી. ખાતેમુન નબીય્યીન (સ.અ.વ.)ના જીગરના ટુકડા અને જન્નતના જવાનોના સરદાર(અ.સ.)ના કત્લનો બદલો કોઇ ચીજથી નથી થઇ શકતો. તમે એમને કત્લ કર્યા છે જે તમારા નેક લોકોની પનાહગાહ હતા. દરેક નાઝિલ થવાવાળી મુસીબત અને બલાઓમાં તેમના થકી છુટકારો મેળવતા હતા. પોતાના દીન અને શરીઅતને એમની પાસે શીખતા હતા. તમારા ઉપર લાનત થાય કે તમે ખરાબ ગુનો કર્યો. પોતાને અલ્લાહની રેહમતથી નાઉમ્મીદ કરી દીધા. દુનિયા અને આખેરતમાં નુકસાનનો સોદો કરી લીધો. ખુદાના અઝાબના હકદાર થઇ ગયા. ઝિલ્લત અને રૂસ્વાઇને પોતાના માટે ખરીદી લીધી. તમારા હાથ કપાઇ જાય.*

*વાય થાય તમારા ઉપર અય કુફા વાસીઓ! કેવી રીતે તમે રસુલ(સ.અ.વ.)ના જીગરના ટુકડાના કટકે કટકા કરી દીધા અને કેવી રીતે તમે પર્દાવાળી પવિત્ર ઔરતોને બેપર્દા કરી દીધી છે અને કેવી રીતે તમે તેમના પસંદીદા ફરઝંદોના ખુનને વહાવ્યુ અને કેવી રીતે તમે તેની હુરમતને બરબાદ કરી. તમે એવુ ખરાબ અને બદનામીનુ કામ કર્યુ છે કે ઝમીન અને આસ્માનને ઉપર-નીચે કરી દીધા, શું આશ્ચર્ય કરો છો કે તમારા આ કામથી આસ્માને ખુન વર્સાવ્યુ છે. યાદ રાખો આખેરતમાં જે કાંઇ તેની અસર જાહેર થશે તે તમારા આ આમાલની અસરો કરતા ઘણી બધી મહાન હશે. તો પછી તમે આ મોહલત ઉપર જે તમને મળી છે ખુશ અને અભિમાની ન બનો કારણ કે ખુદા બદલો લેવામાં જલ્દી નથી કરતો અને તેને એ ખૌફ નથી કે બદલાનો સમય હાથમાંથી ચાલ્યો જશે અને ખુદા ગુનેહગારોની ઘાતમાં છે''*

રાવી કહે છે કે ફાતેમા(સ.અ.)નો જીગરનો ટુકડો ખામોશ થઇ ગયા અને મેં જોયુ કે કુફાના લોકો આ વાતો સાંભળીને હૈરતમાં મુકાઇ ગયા અને પોતાના હાથોને પોતાના દાંતોથી કરડી રહ્યા હતા મેં એક બુઢ્ઢા શખ્સને જોયો કે તેના આંસુઓએ તેના ચહેરા અને દાઢીના વાળોને ભીના કરી દીધા અને તે કહી રહ્યો હતો...

*''કોહૂલોકુમ્ ખયૂરૂલ્ કોહૂલે વ નસ્લોકુમ્ એઝા અુદ્દ નસ્લુન લા યબૂરો વલા યખ્ઝા''*

*''તેમના ઝઇફો બેહતરીન ઝઇફો છે અને તેમની નસ્લ જ્યારે ગણવામાં આવશે તો નાઉમ્મીદ અને રૂસ્વા નહી થશે''*

એહતેજાજની રિવાયત મુજબ તે સમયે અલી ઇબ્નુલ હુસૈન(અ.સ.)એ ફરમાવ્યુઃ

*''અય ફુફી અમ્મા! આપ શાંત રહો. બાકી રેહવાવાળાઓ પસાર થઇ ગયેલાઓથી ઇબ્રત હાંસિલ કરે અને આપ તો બેહમ્દીલ્લાહ 'આલેમતુન ગય્રો મોઅલ્લેમતીન', 'ફહેમતુન ગય્રો મોફહ્હમતીન' છો એટલે કે આપ તાઅલીમ હાસિલ કર્યા વિના તાઅલીમ યાફતા છો અને કોઇના સમજાવ્યા વિના સમજણ પામેલા છો. ગિર્યા અને બુકા ચાલ્યા ગયેલાઓને પાછા નહી લાવી શકે.*

પછી જનાબે ઝયનબ(સ.અ.) ખામોશ થઇ ગયા.

**યાદ દેહાનીઃ**

આ બલીગ ખુત્બાનો તરજુમો ફસાહતવાળાઓ અને બલાગતવાળાઓની નજદીક એક મુશ્કેલ કામ છે. કારણ કે આ ખુત્બાના શબ્દો અને વાક્યો અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ની બેટી હઝરતે ઝયનબ(સ.અ.)ની ઝબાનથી નિકળેલા છે અને આ ખુત્બાના સાંભળવાવાળાઓએ આમ જ કહ્યુ છે કે જાણે અમીરૂલ મોઅમેનીન(અ.સ.) સંબોધન કરી રહ્યા છે અને તેના તરજુમા માટે નિમ્નલિખિત કિતાબોનો

ઉપયોગ કર્યો છે.

(૧) દમ્અસ્સોજુમ - નફસુલ મેહમુમનો તરજુમો લેખકઃ શૈખ અબ્બાસ કુમ્મી કુદ્દેસ સિર્રહુ અને ફારસી તરજુમો આકા હાજ મિર્ઝા અબુલ હસન શેઅરાની.

(૨) જિલાઉલ ઓયુન - અલ્લામા મજલીસી(ર.અ.) (ફારસી).

(૩) એહતેજાજ સંકલક - શૈખ જલીલ અબુ મન્સુર એહમદ ઇબ્ને અલી ઇબ્ને અબી તાલિબ તબરસી(ર.અ.) (ફારસી).

(૪) મુન્તહુલ આમાલ - મર્હુમ શૈખ અબ્બાસ કુમ્મી (ર.અ.)

(૫) લોહુફ - સય્યદ ઇબ્ને તાઉસ(ર.અ.)

જેમકે અમે વર્ણન કરી ચુક્યા કે તરજુમો એક મુશ્કેલ કામ છે એ બતાવવુ જરૂરી છે કે અમે સમજુતી લખી છે, ભાવાર્થ લખ્યો છે. અલબત્ત અમુક લખાણનો તેજ રીતે તરજુમો કર્યો છે. ભાવાર્થવાળા તરજુમામાં અમુક જગ્યાએ સર્વનામ બદલાયેલા છે પરંતુ મૂળ અર્થ નથી બદલાયો.

**ધ્યાન આપવા લાયકઃ**

ઇમામ ઝૈનુલ આબેદીન(અ.સ.)એ જનાબે ઝયનબ (સ.અ.)ને જે લકબોથી નવાજ્યા છે, તેનાથી જનાબે ઝયનબ(સ.અ.)ની અઝમત અને જલાલત ખુબ સારી રીતે સ્પષ્ટ થાય છે અને એ વાત સ્પષ્ટ થઇ જાય છે કે આપ (સ.અ.) વહીના ઝરણાથી સૈરાબ થયેલા છે અને આપ (સ.અ.)નુ ઇલ્મ બશરી ઇલ્મથી ઉચ્ચ છે અને આપ(સ.અ.) વિલાયતના મક્તબના તરબીયત યાફતા હતા. આપનુ દિલ ઇલ્મ અને માઅરેફતના નૂરથી મુનવ્વર હતુ.

બીજી ધ્યાન આપવા યોગ્ય બાબત એ છે કે જનાબે ઝયનબ(સ.અ.) સમાજને ઓળખનારા હતા. કુફાના લોકોને ખુદ તેઓનો પરિચય તેમની સામે કર્યો. સમાજને ઓળખવાની શક્તિ પણ આપને આપના વાલિદથી વારસામાં મળી હતી. અરબી સાહિત્યનો નિષ્ણાંત જાહીઝ કહે છેઃ ''લોકોના પ્રકાર અને દરેક કૌમ તેમજ કબીલાની આદત પ્રમાણે અમીરૂલ મોઅમેનીન(અ.સ.) સંબોધન કરતા હતા અને જનાબે ઝયનબ (સ.અ.)નો ફસીહ અને બલીગ ખુત્બો તેમના વાલિદના ખુત્બાની જેમ હતો''

(નફસુલ મહમુમ, પાના નં. ૨૧૫)

જનાબે ઝયનબ(સ.અ.)ના ખુત્બાએ કુફીઓના વિચારોમાં ઇન્કેલાબ પૈદા કરી દીધો અને તેઓ પોતાના કરતુતો પર શરમીંદા થયા. આપ(સ.અ.)એ દુશ્મનના એ ઝુલ્મોને બયાન કર્યા જે તેઓએ કરબલાના મૈદાનમાં રસુલ(સ.અ.વ.) ના એહલેબૈત પર શરૂ રાખ્યા હતા. લોકોને એ ઝુલ્મોની હકીકતથી માહિતગાર કર્યા. આપ(સ.અ.)ના ખુત્બાના લીધે ઇન્કેલાબ બરપા થયો કે જેણે કરબલાના શહીદોના ખુનનો ઇન્તેકામ લીધો અને બની ઉમય્યાની હુકમતનો કિસ્સો ખત્મ કરી દીધો.

## જનાબે ઝયનબ(સ.અ.) કસ્રૂલ ઇમારામાંઃ

કસ્રૂલ ઇમારાને દારૂલ ઇમારા પણ કેહવામાં આવે છે. આ ઇમારત કુફામાં મસ્જીદે કુફાની પાછળ હતી. આજ કાલ તેની બુનિયાદ અને અમુક દિવાલો બાકી રહી ગઇ છે. આ ઇમારત સઅદ ઇબ્ને અબી વક્કાસના થકી હિ.સ. ૧૭ માં મસ્જીદે કુફાના બાંધકામ પછી બની હતી. જે લોકો ઇરાકની ઝિયારત માટે જાય છે અને જ્યારે કુફામાં અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ના ઘરની ઝિયારતે પહોંચે છે તો આ ઘરના દરવાજાની સામે ચેહરો રાખીને ઉભા હોય તો તેના ડાબા હાથની તરફ દારૂલ ઇમારાનું મૌજુદા ખંડેર દેખાય છે. ખુલાસો એ છે કે તે ઝમાનામાં તે ઇમારતની હૈસીયત રાજ્યકર્તાઓના મહેલની હતી. આજ કાલ મુખ્તારનામા ફિલ્મમાં આ ઇમારતની શબીહ જોઇ શકાય છે. આ જ દારૂલ ઇમારામાં હિ.સ. ૬૦ માં મુસ્લિમ ઇબ્ને અકીલ(અ.સ.)ને શહીદ કરવામાં આવ્યા. હિ.સ. ૬૧ માં ઇમામ હુસૈન(અ.સ.)નું સર અને અસીરાને કરબલા તેમાં જ આવ્યા. હિ.સ. ૬૬ માં ઓબેદુલ્લાહ ઇબ્ને ઝિયાદ (લાઅનતુલ્લાહ) આ જ દારૂલ ઇમારામાં માર્યો ગયો. હિ.સ. ૬૭ માં જનાબે મુખ્તાર ઇબ્ને ઓબય્દએ સકફીને શહીદ કરવામાં આવ્યા. હિ.સ. ૭૧ માં મુસ્અબ ઇબ્ને ઝુબૈર તેમાં જ કત્લ થયો.

કેહવામાં આવે છે કે જ્યારે મુસ્અબ ઇબ્ને ઝુબૈરે જનાબે મુખ્તારને શહીદ કરી દીધા, અબ્દુલ મલિક બીન મરવાન મુસ્અબથી જંગ કરવા ઇરાક આવ્યો અને

તેને હરાવી દીધો અને દારૂલ ઇમારામાં દાખલ થયો અને તેની સામે મુસ્અબ ઇબ્ને ઝુબૈરનુ માથુ રાખવામાં આવ્યુ. એક અરબ જેનુ નામ 'અબુ મુસ્લિમ નખઇ' હતુ, ઉભો થયો અને અબ્દુલ મલિકને કહ્યુઃ

''મેં આ દારૂલ ઇમારામાં જોયુ છે કે ઇમામ હુસૈન (અ.સ.)નું કપાયેલુ સર, ઇબ્ને ઝિયાદની સામે રાખવામાં આવ્યુ અને અમુક દિવસો પછી જોયુ કે ઇબ્ને ઝિયાદનું સર આ જગ્યાએ મુખ્તારની સામે રાખવામાં આવ્યુ અને થોડા દિવસ પસાર નહોતા થયા કે મેં મુખ્તારનું કપાયેલુ સર આ જગ્યા ઉપર મુસ્અબની સામે જોયુ અને હવે મુસ્અબનું કપાયેલુ સર તારી સામે જોઇ રહ્યો છું!'' કેહવાય છે કે અબ્દુલ મલિક ભયભીત થઇ ગયો અને હુકમ આપ્યો કે દારૂલ ઇમારાને વિરાન અને તોડી નાખવામાં આવે. આથી તેને મિસ્માર કરી દેવામાં આવ્યુ અને કુફાની ગંદકીને ત્યા વહાવવામાં આવવા લાગી.

***ફઅ્તબેરૂ યા ઉલીલ્ અબ્સાર***

આ જ એ દારૂલ ઇમારા છે જેને આપણે ઇબ્ને ઝિયાદનો દરબાર કહીએ છીએ.

જ્યારે ઓબેદુલ્લાહ ઇબ્ને ઝિયાદને કુફામાં એહલબૈત (અ.મુ.સ.)ના આવવાની ખબર મળી તો તેણે એલાન કરાવી દીધુ કે દરેક ખાસ અને સામાન્ય દરબારમાં હાજર થાય. આથી તેનો દરબાર શહેરીજનો અને ગ્રામવાસીઓથી ભરાઇ ગયો. આ લેખમાં કારણ કે અમે ફક્ત જનાબે ઝયનબ(સ.અ.)ના બનાવો વર્ણન કરીએ છીએ એટલા માટે દરબારમાં બનવાવાળા તમામ બનાવો જેમકે ઇમામ હુસૈન(અ.સ.)ના સરે મુબારકની સાથે ઇબ્ને ઝિયાદની બદતમીઝી અને રસુલ(સ.અ.વ.)ના સહાબી ઝૈદ બીન અરકમને કત્લની ધમકી વિગેરેને છોડીને ફક્ત જનાબે ઝયનબ(સ.અ.)ની દાસ્તાન બયાન કરીએ છીએ.

## ઇબ્ને ઝિયાદ સાથે વાતચીતઃ

રાવી કહે છે કે સય્યદુશ્શોહદા(અ.મુ.સ.)ના એહલો અયાલ રોમના કેદીઓની જેમ આ મન્હૂસ બેઠકની અંદર હાજર કરવામાં આવ્યા. જનાબે ઝયનબ(સ.અ.) એક અજાણી વ્યક્તિની જેમ દરબારમાં દાખલ થયા અને એક ખુણામાં બેસી ગયા અને એહલબૈત(અ.મુ.સ.)ની અન્ય ખાતૂનો પણ આપ(સ.અ.)ને ઘેરીને બેસી ગયા. ઇબ્ને ઝિયાદ (લ.અ.)એ પુછ્યુઃ પેલી ઔરત કોણ છે? જે પોતાની કનીઝોની સાથે એક ખુણામાં બેઠી છે? કોઇએ જવાબ ન આપ્યો તો બીજીવાર સવાલ પુછ્યો, ફરી જવાબ ન મળ્યો અને જ્યારે ત્રીજીવાર પુછ્યુ તો એક કનીઝે કહ્યુ કે આ રસૂલે ખુદા (સ.અ.વ.)ના નવાસી ઝયનબ બિન્તે ફાતેમા(સ.અ.) છે. ઇબ્ને ઝિયાદ(લ.અ.)એ જનાબે ઝયનબ(સ.અ.)ને સંબોધન કરીને કહ્યુઃ શુક્ર છે એ ખુદાનો જેણે તમને રૂસ્વા કર્યા અને તમારા જુઠને જાહેર કર્યુ. જનાબે ઝયનબ(સ.અ.)એ ફરમાવ્યુઃ

***''હમ્દ છે એ ખુદાની જેણે પોતાના નબી(સ.અ.વ.) ની સાથે અમને ઇઝ્ઝત બક્ષી અને અમને દરેક પ્રકારની નજાસત અને બુરાઇથી પાક રાખ્યા, રૂસ્વા તો ફાસિક થાય છે અને જુઠ ફાજીર બોલે છે, અલ્ હમ્દોલીલ્લાહ તે અમે નથી પરંતુ બીજા લોકો છે''***

ઇબ્ને ઝિયાદ (લ.અ.): જોયુ! ખુદાએ એહલેબૈતની સાથે શું કર્યુ?

જનાબે ઝયનબ(સ.અ.):

***આ એ લોકો છે કે જેના માટે ખુદાએ શહાદત નિર્માણ કરી દીધી હતી. આથી તેઓ પોતાની આરામગાહો પર મોટા દિલ સાથે ચાલ્યા ગયા છે અને મેં ભલાઇ સિવાય કાંઇ નથી જોયુ. ખુદા તને અને તેઓને જમા કરશે તુ તેનો વિરોધ કરીશ ત્યારે જો જે ખુશનસીબ અને સફળ કોણ છે? ઇબ્ને મરજાના તારી મા તારા ગમમાં બેસે***

અમ્ર ઇબ્ને હારીસ કહે છે કે આ વાતચીત પછી ઇબ્ને ઝિયાદ છોભીલો પડી ગયો અને એટલો બધો ગુસ્સામાં આવી ગયો હતો કે જાણે જનાબે ઝયનબ(સ.અ.)ને કત્લ કરી નાખશે. ઇબ્ને ઝિયાદ(લ.અ.)ના સલાહકારોમાંથી એક વ્યક્તિએ કહ્યુંઃ અય અમીરૂલ મોઅમેનીન! આ ઔરત છે અને ઔરતોની વાતો પર બદલો લેવામાં નથી આવતો.

જ્યારે ઇબ્ને ઝિયાદ(લ.અ.)થી કોઇ જવાબ ન

બની શક્યો તો તેણે કહ્યું: ''તારા બાગી ભાઇ અને સરકશ ઘરવાળાઓના કત્લએ મારા દિલને શફા આપી છે'' જનાબે ઝયનબ(સ.અ.) પર ગમગીની છવાઇ ગઇ અને તેઓ રોવા લાગ્યા અને ફરમાવ્યું:

***''તે અમારા બુઝુર્ગોને કત્લ કરાવ્યા અને અમારા મૂળ અને ડાળીઓને કાપી નાખી અને અમારી બુનિયાદને ઉખેડી નાખી. અગર તારી શફા એમાં જ હતી તો પછી તને શફા મળી છે''***

ઇબ્ને ઝિયાદ(લ.અ.): આ ઔરત સજ્જાઅ્માંથી છે (સજઅ = ઇબ્ને બદીઅ અને નસ્રના એ જુમ્લાઓ જેના આખરી શબ્દો કાફિયાની જેવા હોય. સજાઆ એટલે સરખા કાફિયા ઉપયોગ કરવાવાળી સ્ત્રી) અને મને મારી જાનની કસમ તેનો બાપ પણ સજાઆ હતા અને શાયર હતા. જનાબે ઝયનબ(સ.અ.)એ ફરમાવ્યું:

***મારી હાલત એવી નથી અને મને સજઅની ફુરસત નથી***

ઇબ્ને નુમાની રિવાયત મુજબ આપ(સ.અ.)એ ફરમાવ્યું:

***મને એ શખ્સ પર આશ્ચર્ય છે જેને પોતાના ઇમામોને કત્લ કરીને શફા મળે છે જ્યારે કે તે જાણે છે કે તેઓ આખેરતમાં બદલો લેશે***

ત્યાર બાદ તે મલઉન સય્યદે સજ્જાદ(અ.સ.)ની તરફ વળ્યો.

(નફસુલ મહમુમ, પાના નં. ૨૨૩ થી ૨૨૬, જીલાઉલ ઓયુન, પાના નં. ૭૧૮)

આ રીતે બિન્તે અલી(અ.સ.)એ હિંમત અને બહાદુરી પૂર્વક પોતાના ખુત્બાથી ઇબ્ને ઝિયાદ(લ.અ.)ને લોકોની વચ્ચે રૂસ્વા કરી દીધો અને એહલેબૈત(અ.મુ.સ.) પર કરવામાં આવેલ ઝુલ્મોથી પર્દો ઉઠાવી દીધો. ઇબ્ને ઝિયાદે આ મજમો પોતાની તાકત પ્રદર્શીત કરવા માટે ભેગો કર્યો હતો પરંતુ તે નિષ્ફળ થયો.

ઇમામ હુસૈન(અ.સ.)નું સર અને અસીરાને કરબલાની દાસ્તાન કિતાબોમાં વર્ણન થયેલ છે. ઇમામ હુસૈન(અ.સ.)નું સર જે જગ્યાએ પહોંચતુ હતુ ત્યાં ગીર્યાનો આવાજ બુલંદ થતો હતો. ઇન્કેલાબ જેવી હાલત પૈદા થઇ હતી. એટલા માટે એ મલઉનો જે ઇમામ હુસૈન(અ.સ.)ના સરને કુફાથી બહાર લાવ્યા, તેઓ અરબ કબીલાઓથી ડરતા હતા કે તેઓ ગિર્યા અને શોર કરશે અને સરને છીનવી લેશે. આથી તેઓ મૂળ રસ્તેથી બચીને વિરાન રસ્તાઓથી ચાલ્યા. અલબત્ત જ્યારે કોઇ કબીલામાં પહોંચતા તો કહેતા કે ખારજીઓના સર છે.

(કામિલે બહાઇ, ૨/૨૯૧)

કુફાથી શામના રસ્તા ઉપર જે બનાવો બન્યા છે તેમાંથી અમૂક આ છે.

**જનીનનું સાકિત થવું:** ઇમામ હુસૈન(અ.સ.)ના એક પત્નિ હામેલા હતા અને હલબથી નજદીક એક પહાડ ઉપર હમલ સાકિત થઇ ગયો. બાળકનું નામ મોહસીન હતુ અને તે આ જ પહાડી પર દફન છે જે ''મશ્હદુસ્સકત'' અને મશ્હદુદક્કત'' ના નામથી આજે પણ મશ્હુર છે.

......એક મંઝિલ પર ઇમામ હસન(અ.સ.)ના એક દુખ્તર ઉંટ પરથી પડી ગયા હતા અને ફરિયાદ કરી: 'યા અમ્મતાહ વ યા ઝયનબાહો' અય ફુફી અમ્મા અય ઝયનબ(સ.અ.) જ્યારે જનાબે ઝયનબ(સ.અ.) એ અવાજ સાંભળી અને આસપાસ જોયુ તો માલુમ થયુ કે બચ્ચી ઉંટના પગ નીચે દબાઇ ગઇ છે અને આ દુનિયાથી રૂખ્સત થઇ ગઇ અને જનાબે ઝયનબ(સ.અ.)ની આ ચીખ બુલંદ થઇ: વા ઝયઅતાહો, વા ગુરબતાહો, વા મુખ્તારહુ.

## રાહીબના દેવળનો બનાવ:

હઝરત ઇમામ હુસૈન(અ.સ.)ના મુબારક સરથી મોઅજીઝો જાહેર થવો અને રાહીબનુ તેના તરફ ધ્યાન આપવુ, ઘણો મશ્હુર બનાવ છે. તે હલબથી એક મંઝિલના અંતરે વાકએ કીન્સીરીનના સ્થળ પર બન્યો હતો.

(મુન્તહુલ આમાલ, ૧/૪૧૯)

આ ઉપરાંત ઘણી બધી મંઝિલો પર બનાવો બન્યા હતા. જેમકે મુસલ, નસીબૈન, બઅલબક, મયાફારકીન અને શૈઝ વિગેરે જગ્યાઓ પર.

અંતમાં ઇમામે ઝમાના(અ.સ.)ના રંજો ગમને

**અનુસંધાન પાના નં. ૨૫ ઉપર ...**

# યઝીદના દરબારમાં

# જનાબે ઝયનબ(સ.અ.)નો ખુત્બો

જલીલુલ કદ્ર આલિમ શૈખ તબરસી(ર.અ.) પોતાની અમૂલ્ય કિતાબ 'અલ એહતેજાજ' ભાગ-૨, પાના નં. ૩૦૭ ઉપર વર્ણન કરે છેઃ

જ્યારે અલી ઈબ્નુલ હુસૈન(અ.સ.) એહલે હરમની સાથે દરબારે યઝીદમાં દાખલ થયા તો તેમને ઈમામ હુસૈન (અ.સ.)ના પવિત્ર સર પાસે લાવવામાં આવ્યા જે એક થાળમાં રાખવામાં આવ્યુ હતુ અને યઝીદ(લ.અ.) તેમના હોઠો પર લાકડીથી મારી રહ્યો હતો અને આ કહી રહ્યો હતો.

*લઅેબત્ હાશેમો બિલ મુલ્કે ફલા*
*ખબરૂન જાઅ વ લા વહયુન નઝલ*
*લય્ત અશ્યાખી બે બદ્રીન શહેદુ*
*જઝઅલ ખઝ્રજે મિન વક્ઇલ અસલે*
*લ અહલ્લુ વસ્તહલ્લુ ફરહન*
*વ લકાલુ યા યઝીદો લા તોશલ*
*ફ જઝય્નાહુમ બે બદ્રીન મિસ્લહા*
*વ અકમ્ના મિસ્લ બદ્રીન ફઅતદલ*
*લસ્તો મિન ખિન્દેફ ઈન્ લમ્ અન્તકીમ્*
*મીન બની અહમદ મા કાન ફઅલ*

બની હાશિમે હુકુમતની સાથે એક રમત રમી હતી, ન તો કોઈ ખબર આવી હતી અને ન કોઈ વહી નાઝિલ થઈ હતી, કાશ બદ્રમાં મરવાવાળા મારા બુઝુર્ગો જોતે અને (ઓહદમાં) ઝખ્મોથી ચૂર ખઝરજના રડતા લોકો, અગર તેઓ અહીં હોતે તો ખુશીથી મારા વખાણ કરતે અને કહેતા હોત, અય યઝીદ તારા હાથ ક્યારેય પણ લકવાગ્રસ્ત ન થાય. અમે તેના ખાનદાનથી બદ્રનો બદલો લીધો અને મારા આ ઈન્તેકામથી બદ્રનો બદલો પૂરો થયો. હું આવુ ન કરત તો હું ખીન્દેફના વંશ માંથી ન હોત, અગર મેં એહમદની ઔલાદથી આ કામોનો બદલો ન લીધો હોત.

જ્યારે જનાબે ઝયનબ(સ.અ.)એ આ જોયુ તો આપ(સ.અ.)એ એક દુઃખી અને ગમગીન અવાજમાં એવો અવાજ બુલંદ કર્યો કે જેનાથી દિલ કાંપી ઉઠે. 'યા હુસૈના! યા હબીબ રસુલીલ્લાહ! યબ્ન મક્કા વ મીના! યબ્ન ફાતેમતઝ્ ઝહરાએ સય્યેદતે નેસાઅ! યબ્ન મોહમ્મદીલ મુસ્તફા!

આ દર્દભરી અવાજને સાંભળીને બધા લોકો રડવા લાગ્યા અને યઝીદ(લ.અ.) ચૂપ થઈ ગયો. પછી જનાબે ઝયનબ (સ.અ.) ઉભા થયા અને લોકોને સંબોધન કરીને એક ખુત્બો ઈરશાદ ફરમાવ્યો જેમાં આપ(સ.અ.)એ પોતાના જદ હઝરત મોહમ્મદ મુસ્તફા(સ.અ.વ.)ના ફઝાએલને જાહેર કર્યા અને એલાન કર્યુ કે તેમણે પરવરદિગારની રેઝા માટે સબ્ર કરી, નહી કે ડર અને બીકના લીધે પછી અલી(અ.સ.) અને ફાતેમા (સ.અ.)ની દુખ્તરની અવાજ ગુંજી ઉઠીઃ 'અલ્ હમ્દો લીલ્લાહે રબ્બીલ આલમીન વસ્સલાતો અલા જદ્દી સય્યેદીલ મુરસલીન સદકલ્લાહો સુબ્હાનહુ કઝાલેક યકુલો

*સુમ્મ કાન આકેબતલ્લઝીન અસાઉસ્સુઅ*
*અન્ કઝ્ઝબુ બે આયાતીલ્લાહે વ કાનુ બેહા*
*યસ્તહઝેઉન*

(સુરે રૂમ, આયત નંબરઃ ૧૦)

'તમામ વખાણ અલ્લાહના માટે છે જે તમામ કાએનાતનો પરવરદિગાર છે અને દુરૂદો સલામ થાય મારા જદ્દે બુઝુર્ગવાર અને સૈય્યેદુલ મુરસલીન પર બેશક અલ્લાહ સુબ્હાનહુએ સાચુ ફરમાવ્યું છે.

*"તેના પછી બુરાઈ કરવાવાળાઓનો અંજામ*
*બુરો થયો કે તેઓએ ખુદાની નિશાનીઓને*
*જુઠલાવી દીધી અને તેની મજાક ઉડાવતા રહ્યા."*

(સુરે રૂમ, આયત નંબરઃ ૧૦)

અય યઝીદ! શું તુ એમ વિચારે છે કે ઝમીન અને આસ્માનના તમામ રસ્તાઓ અમારી ઉપર બંધ કરીને અને નબુવ્વતના ખાનદાનને મામુલી કૈદીઓની જેમ દર બદર ફેરવીને, ખુદાની બારગાહમાં અમારૂ જે મકામ હતુ

તેમાં કોઇ ઘટાડો થઇ ગયો અને શું તુ મોટો ઇઝ્ઝતદાર બની ગયો? અને પછી તુ આ ખોટા ખ્યાલનો ભોગ બનેલ છે કે એ મુસીબતો જે અમારે તારા હાથે સહન કરવી પડી તેનાથી તારી ઇઝ્ઝતમાં કોઇ વધારો થઇ ગયો અને કદાચ આ ગેર સમજણના લીધે તારૂ નાક વધારે ચડી ગયુ છે અને અભિમાનના લીધે તુ તારા ખભાઓને ઉંચા કરવા લાગ્યો છે. હાં! એમ વિચારીને તુ ખુશીથી ફુલાતો સમાતો નથી કે તારી સરમુખ્તયારી હુકૂમતની હદો બહુજ ફેલાઇ ચૂકી છે અને તારી સલ્તનતની નોકરશાહી બહુજ મજબુત છે, શું તુ એમ સમજી બેઠો છે કે અમારા રાજ્યમાં તને કોઇ પણ ખતરા વગર ફેલાઇ -ફેલાઇને ઇત્મીનાનથી પોતાનો હુકમ ચલાવવા અને મનમાની કરવાનો મૌકો મળ્યો છે. અટકી જા યઝીદ અટકી જા. એક-બે શ્વાસ હજુ લઇ લે. શું તું અલ્લાહ અઝ્ઝ વ જલ્લનો આ કૌલ ભૂલી ગયો છે.

***'વ લા યહ્સબન્નલ્લઝીન કફરૂ અન્નમા નુમ્લી લહુમ્ ખય્રૂન લે અન્ફોસેહીમ ઇન્નમા નુમ્લી લહુમ્ લે યઝ્દાદુ ઇસ્મન વ લહુમ્ અઝાબુન મોહીન'***

***'અને ખબરદાર આ કાફીરો એમ ન સમજી લે કે અમે જેટલી મોહલત આપી રહ્યા છીએ તે તેના હકમાં કોલ ભલાઇ છે. અમે તો ફક્ત એટલા માટે મોહલત આપી રહ્યા છીએ કે જેટલા ગુનાહ કરી શકે તેટલા કરી લે અને તેઓના માટે ઝીલ્લત ભર્યો અઝાબ છે'***

(સુરે આલે ઇમરાન, આયત નંબરઃ ૧૭૮)

અય અમારા આઝાદ કરાયેલા ગુલામોની અવલાદ! શું આ જ ઇન્સાફ છે કે તે તારી ઔરતો અને કનીઝોને સુધ્ધા પણ પરદામાં બેસાડી રાખ્યા છે અને નબીની દુખ્તરોની ચાદરો છીનવી લીધી? તેમની હુરમતને તે પાયમાલ કરી નાખી? તેમના દુશ્મન તેમને બેપર્દા, ખુલ્લા માથે એક શહેરથી બીજા શહેર લઇ જાય છે? ત્યાં સુધી કે શહેરો અને ગામડાઓના રહેવાસીઓ તેમને જુએ છે, દૂર અને નજદીકના લોકોએ તેમનો તમાશો બનાવી દીધો છે. ઝલીલ અને શરીફ લોકો તેમના તરફ નજરો ઉંચી કરીને જોવે છે. તેઓની હાલત એવી છે કે જાણે તેમના મર્દો તેમની સરપરસ્તી માટે મૌજુદ નથી અને ન તો તેઓ મદદગાર પામે છે. આ અલ્લાહથી બગાવત છે, રસુલે ખુદા(સ.અ.વ.)ની વિરૂધ્ધ એલાને જંગ છે અને જે કાંઇ આપ(સ.અ.વ.) ખુદાની બારગાહમાંથી લાવ્યા હતા, તેની મુખાલેફત છે. આ કાંઇ આશ્ચર્યની વાત નથી અને એવા શખ્સથી દયા અને મહેરબાનીની આશા શું કરી શકાય જે તેની ઔલાદ હોય કે જેણે ઇસ્લામના પાકીઝા શહીદોના કલેજાને ચાવવું પસંદ કર્યુ કે જેમનું ગોશ્ત નેકુકાર લોકોના ખુનથી બન્યું હોય, જે નબીઓના સરદાર(સ.અ.વ.)થી દુશ્મની રાખતા હોય, જે લોકોને ભેગા કરતો હોય અને નફરતને ફેલાવતો હોય, જેણે રસુલુલ્લાહ(સ.અ.વ.)ના નૂરાની ચહેરા પર તલવાર ચલાવી હોય, જે અરબોમાં અલ્લાહનો સૌથી સખ્ત તરીન વિરોધી હોય, અલ્લાહના રસુલ (સ.અ.વ.)નો સૌથી મોટો મુન્કીર હોય, જેણે ખુલ્લમ ખુલ્લા તેમની વિરૂધ્ધ દુશ્મનીનુ એલાન કર્યુ હોય અને ખુદાવંદે આલમની નજરમાં સૌથી મોટો કાફીર અને બગાવત કરનાર હોય?

આ જાણી લે (અય યઝીદ)! આ કુફ્રનું પરિણામ છે. આ જંગે બદ્રમાં તારા બાપ-દાદાઓની હારની એ છિપકલી (ગરોળી) છે જે તારા દિલમાં ફરી રહી છે? પછી એ શખ્સ કેવી રીતે અમો એહલેબૈત(અ.મુ.સ.)થી પોતાની દુશ્મની ઓછી કરી શકે, જેણે હંમેશા અમારી ઉપર નફરત અને દુશ્મનાવટ અને કીનાની નજર નાખી હોય, જે રસુલે ખુદા (સ.અ.વ.)નો ઇન્કાર કરતો હોય, તેને બેશરમીની સાથે બયાન કરતો હોય, અને તેમના ફરઝંદ અને તેમની ઝુર્રીયતના બચ્ચાઓને કત્લ કરીને ખુશી જાહેર કરતો પોતાના પૂર્વજોને આ કહેઃ

અગર તેઓ અહીં હોતે તો ખુશીના લીધે મારા વખાણ કરત અને કહેતા હોત કે અય યઝીદ તારા હાથને ક્યારેય લકવો ન થાય.

હવે તું અબા અબ્દીલ્લાહ (હુસૈન અ.સ.)ના હોઠો તરફ આગળ વધી રહ્યો છે. એ હોઠ કે જેનો બોસો રસુલે ખુદા (સ.અ.વ.) લેતા હતા, તું એના પર લાકડી મારી રહ્યો છે? ચોક્કસ આ હોઠ એમની ખુશીનો સબબ હતા.

હું કસમ ખાઉ છું કે જન્નતના જવાનોના સરદાર, અરબના સરદારના ફરઝંદ, આલે અબ્દુલ મુત્તલીબના

સુરજનું ખુન વહાવીને તે ઝખ્મી કર્યા છે, તે બરબાદ કર્યા છે અને તારા બાપ-દાદાનો બદલો લીધો છે. તેમનું ખુન વહાવીને તે તારા પૂર્વજોના કાફિરોથી નજદીકી મેળવી છે અને વળી તે તારી અવાજને ઉંચી કરી છે.

હું કસમ ખાઉ છું, બેશક તે અવાજ આપી છે કે અગર તેઓ તને જોતે તો નજીકમાં જ તુ તેને જોશે અને તે તને જોશે અને તુ એમ ચાહીશ કે કાશ તારા હાથને લકવો થઇ જાત અને તુ એ ઇચ્છા કરીશ કે કાશ તારી મા એ તને પોતાના પેટમાં ન રાખ્યો હોત અને કાશ તારા બાપે તને પૈદા જ ન કર્યો હોત. જ્યારે તું અલ્લાહના ગુસ્સા તરફ આગળ વધ્યો છે, ત્યારે તારી અને તારા બાપની સામે રસુલુલ્લાહ(સ.અ.વ.) હશે.

પરવરદિગાર! આ લોકો પાસેથી અમારો હક વસુલ કર! આ ઝાલિમોથી અમારો બદલો લે! તુ એના પર તારો અઝાબ નાઝિલ કર જેણે અમારૂ ખુન વહાવ્યું છે, જેણે અમારા હકને પામાલ કર્યો, અમારી મદદ કરવાવાળાઓને કત્લ કર્યા અને અમને બેપર્દા કર્યા. તે જે કર્યુ તે કર્યુ (અય યઝીદ! તારા આ અઝીમ ગુનાહથી) તે પોતે તારી પોતાની ચાકડી ખેંચી છે, તે પોતે તારા હાથો વડે તારા ગોશતના ટુકડે ટુકડા કરી દીધા. બહુ જ જલ્દી એ સમય આવવાવાળો છે કે તને ખુબ જ ઝીલ્લત અને રૂસ્વાઇની હાલતમાં રસુલે ખુદા(સ.અ.વ.)નો સામનો કરવો પડશે. એ હાલતમાં કે તારી ગરદન પર તેમની ઝુર્રીયતનું ખુન હશે અને તેમની હુરમતને તુએ પાયમાલ કરવા, એમની ઇતરતનું ખુન વહાવવા અને તેમના ગોશતને ટુકડે ટુકડા કરવાનો અઝાબ તું તારી ગરદન પર રાખતો હશે. પછી જોજે કેવી રીતે અલ્લાહ રીસાલતના બગીચાના ફુલોને ભેગા કરશે, કેવી રીતે તેમની હાલતને બેહતર બનાવશે અને કેવી રીતે ઝુલ્મો-જોર કરવાવાળા બાગીઓથી અમને અમારો હક અપાવશે એ ખલ્લાકે આલમનું ફરમાન છેઃ

***વ લા તહ્સબન્નલ્લઝીન કોતેલુ ફી સબીલીલ્લાહે અમ્વાતા બલ્ અહ્યાઉન ઈન્દ રબ્બેહીમ્ યુર્ઝકુન ફરેહીન બેમા આતાહોમુલ્લાહો મિન્ ફઝ્લેહી***

***“અને ખબરદાર! રાહે ખુદામાં કત્લ થવાવાળાઓને મુરદા સમજશો નહિ. તેઓ જીવતા છે અને પોતાના પરવરદિગારની તરફથી રિઝ્ક મેળવી રહ્યા છે. ખુદાના તરફથી મળવાવાળા ફઝ્લો કૃપાથી તેઓ ખુશ છે”***

(સુરે આલે ઇમરાન, આયતઃ ૧૬૯-૧૭૦)

તારા માટે બસ એટલુ જ જાણી લેવુ પુરતુ છે કે અલ્લાહ અમારો વલી છે અને તે જ ફેંસલો કરશે, મોહમ્મદ(સ.અ.વ.) દાવેદાર હશે અને જીબ્રઇલ અમીન મદદગાર હશે અને નજીકમાં જ તે લોકો પોતાનો અંજામ જોઇ લેશે, જેઓએ જમીનને તારા માટે તૈયાર કરી અને તને આ જગ્યા પર પહોંચાડ્યો અને મુસલમાનો પર સત્તાધીશ કર્યો કે

***“બેઅ્સ લિઝ્ઝાલેમીન બદલા”***

***“ઝાલિમો માટે બદ્તરીન બદલો છે”***

(સુરે કહફ, આયત નંબરઃ ૫૦)

એ સમયે એ પણ સ્પષ્ટ થઇ જશે કે તમારા લોકોનું (શર્રુન મકાનન વ અઝલ્લો સબીલા) ‘ઠેકાણુ સૌથી ખરાબ છે અને તે ખુબ જ વધારે ગુમરાહ છે’

(સુરે ફુરકાન, આયત નંબરઃ ૩૪)

(અય યઝીદ!) જો કે ઝમાનાની મુસીબતોએ મને તારી સાથે વાત કરવા પર મજબુર કરી દીધી છે પરંતુ મારી નજરમાં તું એકદમ હલકો અને ઝલીલ શખ્સ છે. તેં (મારા ભાઇ અને ખાનદાનની મુસીબતમાં) મુસલમાનોની આંખોને રડાવી અને તેમની છાતીઓને ઝખ્મી કરી દીધી.

આ બારામાં તારા મદદગારો ખુબ જ પત્થર દિલ છે. તું બંડખોર લોકો, ખુદાના અઝાબ અને રસુલની લાનતથી ભરેલા શરીરો અને તેમના સમુહોનો સહારો લઇને આગળ વધ્યો, શૈતાને જ્યાં પોતાનુ ઘર બનાવીને રાખ્યુ છે અને ઇંડાઓ રાખે છે.

આશ્ચર્ય છે! ખુબ જ આશ્ચર્ય છે! મુત્તકીન અને અંબિયાના ફરઝંદો, તેમના આઝાદ કરાયેલા ગુલામો વલદુઝ્ઝીના અને ફાજીરોની અવલાદના હાથો વડે કત્લ થયા. અમારૂ લોહી તમારા પંજાઓમાંથી ટપકી રહ્યું છે અને અમારૂ ગોશત તમારા મોઢાઓ માંથી બહાર આવી રહ્યું છે. ઝમીન પર પડેલા આ પાક અને પવિત્ર શરીરોથી વરૂઓ સરકશી કરી રહ્યા છે અને શિયાળ તેમને માટીમાં મેળવી રહ્યા છે.

અગર તું એવુ વિચારી રહ્યો છે કે આજે તે ગનીમત મેળવી લીધી છે અને ફાયદો હાસિલ કરી લીધો છે, તો ખુબ જ જલ્દી તું નુકશાન ઉઠાવીશ. એ સમયે તારા હાથોમાં એ જ આવશે જે તું પેહલા મોકલી ચુક્યો છે અને ખુદાવંદે આલમ ક્યારેય પણ પોતાના બંદાઓ પર ઝુલ્મ નથી કરતો. અમે ખુદાથી ફરિયાદ કરીએ છીએ અને તેના પર ભરોસો કરીએ છીએ. તું જે કાઇ ચાલબાજી કરવા ચાહે છે તો કરી લે અને જે કોશિશો કરવા ચાહે તે કરી લે.

કસમ છે મને એ પરવરદિગારની જેણે અમને વહ્ય અને કિતાબ (કુર્આન), નબુવ્વત અને પોતાના ખાસ બંદા હોવાનો શરફ અતા કર્યો. તું અમારા મરતબાને પામી નથી શકતો, અમારી ઇન્તેહા સુધી નથી પહોંચી શક્તો, અમારા ઝિક્રને મીટાવી નથી શક્તો અને તે જે અમને બેપર્દા કર્યા છે (એ ગુનાહથી) તું તારા હાથ ધોઇ નથી શક્તો.

યઝીદ! તારી ફિક્ર કાંઇ નથી સિવાય બદગુમાની. તારી જીંદગીમાં બસ થોડા દિવસો બાકી રહી ગયા છે. તારી વિશાળતાનો અંત આવવાનો છે અને એ દિવસ નજદીક છે જ્યારે મુનાદિ નિદા આપશે 'ઝાલિમ અને સરકશી કરવાવાળા પર લાનત છે'

હમ્દ અને શુક્ર છે એ પરવરદિગારના માટે કે જે દુનિયાઓનો પાલનહાર છે! જેણે પોતાના અવલીયા માટે ખુશનસીબીનો હુકમ દીધો અને પોતાના અવસીયા માટે તેમની ઇચ્છાઓ સુધી પહોંચને સંપૂર્ણ બનાવી. તેઓને પોતાની રેહમત, બુલંદી, રેઝા અને મગ્ફેરતની તરફ લઇ ગયા અને તેમના થકી (અય યઝીદ) તારી સિવાય કોઇ બદબખ્ત નથી બન્યુ અને અઝાબમાં ગિરફતાર નથી થયું.

અમે અલ્લાહની બારગાહમાં દરખ્વાસ્ત કરીએ છીએ કે તેઓને (કરબલાના શહીદોને) સંપૂર્ણ બદલો આપે, તેમના સવાબને પુષ્કળ અને તેમના વારિસો અને જાનશીનોને પોતાના હુસ્નો કરમથી નવાઝિશ કરે. ચોક્કસ તે જ રહેમ કરવાવાળો અને મોહબ્બત કરવાવાળો છે.''

## ખુલાસો:

પયગમ્બર(સ.)ના એહલેબૈત(અ.મુ.સ.)એ શખ્સીયતો છે જેમના કમાલાતને ઇન્સાનીયત પામી નથી શક્તી. જંગના મૈદાનમાં જ્યારે ઇસ્લામ પર મુશ્કેલી આવી પડી તો અલી (અ.સ.) અને અવલાદે અલી(અ.સ.)એ સહારો આપ્યો. પરંતુ રસુલ(સ.અ.વ.) પછી આ જ એ અલી(અ.સ.) હતા જેમણે સરવરે કાએનાતની વસીય્યત પર અમલ કરતા પોતાનો હક છીનવાઇ જવા પર એક મહાન સબ્રને વ્યક્ત કર્યુ. એવી જ રીતે મેદાને કરબલામાં જ્યારે ખુદાવંદે આલમે દુનિયાની સામે સબ્રની ઇન્તેહાનું એક મહાન ઉદાહરણ કાયમ કરવા ચાહ્યું તો ઇમામ હુસૈન(અ.સ.)એ પોતાની અને પોતાના અસ્હાબની કુરબાનીઓ થકી ખુદાના મકસદને પુરો કર્યો, પરંતુ કરબલાના બનાવ પછી જ્યારે અલ્લાહના મકસદ અને ઇલાહી પૈગામને નજાત દેવડાવવાવાળા હુસૈન(અ.સ.)ની શહાદતને યઝીદની બયઅતની સામે બગાવતનું નામ આપી રજુ કરવામાં આવી ત્યારે ફસાહત અને બલાગત તથા ખિતાબતના અમીર, હઝરત અલી ઇબ્ને અબી તાલિબ(અ.સ.)ની દુખ્તરના આ ખુત્બામાં હૈદરી અંદાજની ગરજએ એ વાતને સાબિત કરી દીધી કે ઝુલ્મ અને ઝાલિમને બેનકાબ કરવું એ ખાનદાને ઇસ્મતો તહારતની રવિશ છે.

ખુદાયા! તને એહલે હરમની બેપર્દગીનો વાસ્તો, ઇમામ હુસૈન(અ.સ.)ના ખુનનો બદલો લેવાવાળા હઝરત ઇમામે ઝમાના(અ.સ.)ના પુરનુર ઝુહુરમાં જલ્દી ફરમાવ. આમીન.

---ooo---

# જનાબે ઝયનબે કુબરા(સ.અ.)ની વફાતની તારીખ અને તેમની મઝાર

સાનીએ ઝહરા(સ.અ.), શરીકતે કારે ઈમામતે સૈયદુશ્ શોહદા(અ.સ.), મુશીરે હઝરત ઝૈનુલ એબા(અ.સ.), બાનીએ અઝા, મુહાફિઝે શરીઅતે ગર્રા(ડુબી ચયેલ), વારિસે હૈદર વ જઅ્ફર, ખ્વાહરે અબ્બાસ વ અકીલ, અમ્મુએ (ફુફીએ) અકબરો અસગર, માદરે ગિરામીએ ઔન વ મોહમ્મદ, ઉમ્મુલ મસાએબ હઝરત ઝૈનબે કુબરા સલામુલ્લાહે અલય્હાની જીંદગીનો એ સમય આવી પહોંચ્યો, જ્યારે તેઓ દુનિયાના તમામ મસાએબને સહન કરીને, એવા મસાએબ અને દુઃખો કે જેને ન તો જમીન સહન કરી શકતી હતી, ન આસમાન ન પહાડોમાં તાકત હતી ન સમંદરોમાં એટલી વિશાળતા (સહનશક્તિ) હતી. આટલી સખ્ત મુસીબતો સહન કર્યા પછી પણ ઝબાનથી જરા પણ ફરિયાદ ન કરી, બલ્કે હંમેશા શુક્રગુઝાર રહ્યા. જ્યારે ઈબ્ને ઝિયાદ મલ્ઉને જનાબે ઝયનબ(સ.અ.)ને પુછ્યુ કેઃ આપના ઘરના લોકો સાથે જે બન્યુ તે કેવુ લાગ્યું? આપ(સ.અ.)એ ફરમાવ્યુંઃ

*''મા રઅય્તો ઈલ્લા જમીલા''*

*''હું તો આને બસ નેક જોઈ રહી છું''*

''અમુક લોકોના માટે ખુદાએ શહાદત મુકર્રર કરી હતી, તેઓ તેમની મંઝિલે પહોંચી ગયા છે. ખુદા તને અને તેઓને મયદાને કયામતમાં એકઠા કરશે. ત્યાં ચર્ચા થશે. ત્યાં મુકદ્દમાનો ફેંસલો થશે. એ દિવસે તુ જોજે કે કોણ સફળ થાય છે. અય ઈબ્ને મરજાનહ! તારી માઁ ગમઝદા થાય''

જ્યારે જવાબદારી પૂર્ણ થઈ ગઈ, લોકો સુધી હઝરત ઈમામ હુસૈન(અ.સ.) અને તેમના વફાદાર અસ્હાબની શહાદતની ખબર આમ થઈ ગઈ. કુફા, શામ, કરબલા અને મદીનામાં સફે અઝા બિછાવવામાં આવી, અઝાદારીની બુનિયાદ મજબુત થઈ ગઈ, મલક અને મલકૂતના પરવરદિગારથી મુલાકાતનો સમય આવી પહોંચ્યો, તેમના પવિત્ર બાપ-દાદાઓ અને ભાઈઓથી અર્શે આઅલા પર મુલાકાતનો નિશ્ચીત સમય આવી પહોંચ્યો. મસાએબ અને પીડાથી ચૂર-ચૂર, છતા ઈરાદામાં તૂર પહાડની જેમ મજબુત હાલતમાં, હઝરતે ઝયનબે કુબરા(સ.અ.)ની મુકદ્દસ રૂહ, ખુદાની બારગાહના મુકદ્દસ ફરિશ્તાઓના ઝરીએ રફીકે આઅલામાં એહલેબૈતે નુબુવ્વત અને રિસાલતની મજલિસમાં જઈ પહોંચી. આ એક અલગ મુદ્દો છે કે જ્યારે જનાબે ઝયનબે કુબરા(સ.અ.)ની પવિત્ર રૂહ પંજેતને પાકની બારગાહમાં પહોંચી હશે અને નાના, માતા, પિતા અને ભાઈઓએ જ્યારે તેમની તકલીફો વિશે પુછ્યુ હશે અને જનાબે ઝયનબ(સ.અ.) ની ઝબાની બયાન થયા હશે, ત્યારે કેવી કયામત બરપા થઈ હશે?

જનાબે ઝયનબે કુબરા(સ.અ.)ની વફાતની તારીખ વિશે અમુક અકવાલ છે. એક સવાલ સામાન્ય રીતે કરવામાં આવે છે કે વિલાદત અને વફાતની તારીખોમાં ઈખ્તેલાફ શા માટે જોવા મળે છે? તો તેનુ કારણ એ છે કેઃ

(૧) જે રીતે હાલમાં વિલાદત અને વફાતની તારીખ રજિસ્ટર્ડ (નોંધણી) કરાવવામાં આવે છે, તે ઝમાનામાં એ પ્રકારનો કોઈ રિવાજ ન હતો. જે દિવસ કોઈના જન્મ કે મરણની ખબર આપવામાં આવતી, તે દિવસને જ જન્મ અથવા મરણનો દિવસ ગણી લેવામાં આવતો. શક્ય છે કે જન્મ અથવા મરણ આ પહેલા થઈ ચૂક્યા હોય.

(૨) એ સમયે ચોમેર દુશ્મનાને એહલેબૈત(અ.મુ.સ.) ની હુકુમત હતી. એહલેબૈત(અ.મુ.સ.)થી સંબંધીત વાતો વર્ણવવા પર સખ્ત પાબંદી હતી. બલ્કે તેમ કરવા પર સખ્ત સઝા કરવામાં આવતી. હુકુમતના પરવરદા (પરવરિશ પામેલા) મજબુરીના લીધે આ વાતને વર્ણવતા હતા, તો સ્પષ્ટ છે કે આવી સ્થિતિમાં સાચી વાત નક્લ ન થતી.

(૩) એહલેબૈત(અ.મુ.સ.)ના ખાનદાનના લોકોની વફાત (શહાદત) મોટા ભાગે ઝાલિમોના ઝુલ્મના લીધે થઇ હતી. વફાતની ખબર વર્ણવવામાં ઝાલિમના ઝુલ્મનો ઉલ્લેખ થતો હોવાથી વફાત વિગેરે વાતોને સામાન્ય રીતે વર્ણવવામાં ન આવતી.

(૪) આટલી સખ્તીઓ અને પાબંદીઓ હોવા છતા એહલેબૈત(અ.મુ.સ.)ના ફઝાએલ અને મનાકિબ તેમજ તેનાથી વધારે મુસીબતોનું કિતાબોમાં વર્ણન થવુ અને વિલાદત તેમજ વફાતની તારીખોનું બાકી રહેવુ તે કોઇ મોઅજીઝાથી ઓછી વાત નથી.

જનાબે ઝયનબ(સ.અ.)ની વફાતનું વર્ણન બે તારીખોમાં થએલ છે. અરબી કિતાબોમાં અને હઝરત આયતુલ્લાહ સિસ્તાની (મદ ઝીલ્લોહુલ આલી)ના દફતરથી પ્રકાશિત થતા 'તકવીમ'માં અને ઇસ્લાહની તકવીમમાં ૧૫ માહે રજબ હિ.સ. ૬૩ અથવા હિ.સ. ૬૫ નું વર્ણન કરવામાં આવ્યુ છે.જ્યારે કે ઇસ્લાહે એક કૌલ ૬ જમાદિઉલ અવ્વલ હિ.સ. ૬૫ ને પણ નકલ કરેલ છે. તેમજ ખોજા હઝરાત તરફથી પ્રકાશિત થતા કેલેન્ડરમાં ૧૬ ઝિલ્હજ્જ પણ નકલ કરવામાં આવેલ છે. બહરહાલ તારીખે વફાતમાં ઇખ્તેલાફ એ મૂળ વફાત અને તેની એહમીયત ઉપર અસર નથી પાડી શકતી. આ દિવસ ખૂબજ મુસીબતનો દિવસ છે.

## જનાબે ઝયનબ(સ.અ.)ની વફાતના દિવસ પર ઇમામે ઝમાના(અ.સ.)નુ રૂદનઃ

''ખસાઇસે ઝયનબીયહ'' ના સંકલન કર્તા આયતુલ્લાહ સૈયદ નુરૂલ્લાહ જઝાએરીએ કિતાબ ''અલ કિબ્રીયતુલ અહમર'' માં જનાબ શૈખ મોહમ્મદ બાકિર નાઇનીના ઝરીએ આ વાકેઓ નકલ કર્યો છેઃ

''જ્યારે હું નજફે અશરફના હૌઝે ઇલ્મીયહમાં ઇલ્મ હાંસિલ કરી રહ્યો હતો, ત્યારે મેં એક મુત્તકી અને પારસા (પરહેઝગાર) સૈયદને જોયા કે જેમને લખતા-વાંચતા નહોતુ આવડતુ. એક દિવસ તેમણે હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ના હરમમાં ઝિયારતના દરમ્યાન એક તુર્કી ઝાએરને જોયો કે જે હરમના એક ખૂણામાં કુર્આને કરીમની તિલાવતમાં મશગુલ હતો. આ દ્રશ્ય જોઇને તે પરહેઝગાર સૈયદ ઉપર ખૂબ જ અસર થઇ. પોતાના દિલમાં જ તેમણે કહ્યુઃ આ તુર્કી આટલી સારી રીતે કુર્આને કરીમની તિલાવત કરી રહ્યો છે અને આ તો તારા જદ્દ હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)ની કિતાબ છે અને તુ આ કિતાબની તિલાવતથી મહરૂમ છે. ત્યાર બાદ તેઓ દિવસના અમુક ભાગમાં ઝાએરીનને પાણી પીવડાવવામાં પસાર કરતા હતા અને થોડો સમય લખવા-વાંચવામાં પસાર કરતા હતા. મહેનત કરતા-કરતા એ મંઝિલ સુધી પહોંચી ગયા કે આયતુલ્લાહ મીર્ઝા મોહમ્મદ હસન શિરાઝી (૧૩૧૩) ના દર્સે ખારીજમાં શિરકત કરવા લાગ્યા અને ઇજતેહાદના દરજ્જે પહોંચી ગયા.

આ પરહેઝગાર જલીલ સૈયદનુ બયાન છે કેઃ ''મેં એક વાર સ્વપ્નમાં હઝરત વલીએ અસ્ર સાહેબુઝ્ઝમાન (અ.ત.ફ.શ.)ને જોયા, અત્યંત ગમગીન હતા અને મુબારક આંખોમાંથી આંસુ વહી રહ્યા હતા.

હઝરતની ખિદમતમાં હાજર થયો, સલામનો શરફ નસીબ થયો. આ ગમ અને ગિર્યાનુ કારણ પુછ્યુ. આપે ફરમાવ્યુંઃ ''આજ મારા ફુફી જનાબે ઝયનબ(સ.અ.)ની વફાતનો દિવસ છે. આજના દિવસે આસમાનમાં મલાએકા જનાબે ઝયનબ(સ.અ.)ની ફર્શે અઝા બીછાવે છે અને જનાબે ઝયનબ(સ.અ.)ના ખુત્બાઓ પઢીને ગિર્યા કરે છે. જ્યાં સુધી હું તેઓને ત્યાં જઇને તસલ્લી (સાંત્વન) નથી આપતો, ત્યાં સુધી તેમના ગિર્યા અને બુકા જારી રહે છે.''

(ઝયનબે કુબરા(સ.અ.) સૈયદ અબુલ કાસિમ દીબાજી, પાના નં. ૨૨૦)

આથી ખ્યાલ આવે છે કે હઝરત ઝયનબ(સ.અ.)ની અઝાદારી હઝરત ઇમામે ઝમાના(અ.સ.) અને ફરિશ્તાઓને ખૂબ જ પસંદ છે. આથી આપણે પણ આ દિવસને ખૂબ જ ઇઝ્ઝત અને એહતેરામ તથા ગમ અને રંજની હાલતમાં મનાવવો જોઇએ.

ઓલામાએ જનાબે ઝયનબ(સ.અ.)ની વફાતનુ વર્ષ હિ.સ. ૬૨ લખ્યુ છે. અમુક લોકોએ હિ.સ. ૬૫ પણ લખ્યુ છે. એટલે કે કરબલાના બનાવ પછી એક વર્ષ અથવા ચાર વર્ષ જીવીત રહ્યા. સ્પષ્ટ વાત છે કે જે બહેને વાકએ કરબલાને પોતાની આંખોથી જોયો હોય,

દિકરાઓ, ભાઇઓ, ભત્રીજાઓની ટૂકડે ટૂકડા લાશોને બેકફન જોઇ હોય, જેણે સૈયદુશ્શોહદા(અ.સ.)ના ટૂકડે ટૂકડા થએલ જીસ્મને ખાક અને ખૂનમાં આલુદા જોયુ હોય, તેમને કેવી રીતે સુકૂન મળી શકે? જ્યારે કે હજારો વર્ષો વિત્યા પછી પણ ફક્ત સાંભળીને દિલ બેચૈન થઇ જાય છે અને સબ્ર તથા સુકૂન ચાલ્યુ જાય છે. તે ચાહવાવાળી બહેનની શું હાલત થઇ હશે. દરેક સમયે આંખોની સામે કરબલાની તસ્વીર જ રહી હશે. આંખોમાંથી આંસુઓનો સૈલાબ વહેતો હશે. એક ગમના લીધે ઇન્સાન ટૂટી પડે છે, જ્યારે કે અહી તો અઢાર બની હાશીમનો ગમ.

## મઝારે મુકદ્દસે હઝરતે ઝયનબે કુબરા(સ.અ.):

જનાબે ઝયનબે કુબરા(સ.અ.)ની મઝાર વિશે ત્રણ પ્રકારના મંતવ્યો છેઃ

(૧) મદીનાએ મુનવ્વરામાં બકીઅમાં દફન છે.

(૨) મિસ્રના કાહેરા શહેરમાં દફન છે.

(૩) શામના શહેર દમિશ્કથી સાત કિલોમીટરના અંતરે ....... જેને આજ કાલ સત્તે ઝયનબીયા કહેવામાં આવે છે.

પહેલા મંતવ્યની દલીલમાં એમ કહેવામાં આવે છે કે વાકએ કરબલા પછી જ્યારે જનાબે ઝયનબ(સ.અ.) આપના જદ્દ હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)ના શહેર મદીનએ મુનવ્વરામાં પરત આવ્યા ત્યાર બાદ આપ બીજી કોઇ જગ્યાએ ન ગયા. જીંદગીની અંતિમ પળો સુધી એ જ મદીના શહેરમાં રહ્યા.

અગર જનાબે ઝયનબ(સ.અ.)ની કબ્ર મદીનામાં હોતે, તો એહલેબૈત(અ.મુ.સ.)ની રિવાયતોમાં તેનુ જરૂર વર્ણન હોતે અને એહલેબૈત(અ.મુ.સ.)ની અન્ય શખ્સીય્યતોની જેમ તેમની કબ્રનુ પણ જરૂર નામ-નિશાન હોતે. જન્નતુલ બકીઅની મુકદ્દસ કબ્રોમાં તેનુ પણ ચોક્કસ પણે વર્ણન હોતે.

બીજા મંતવ્ય વિશે એ દલીલ બયાન કરે છે કે જ્યારે જનાબે ઝયનબ(સ.અ.) મદીના પરત આવ્યા તો તેઓ સતત હઝરત ઇમામ હુસૈન(અ.સ.)ના મસાએબ અને યઝીદ મલઉનના ઝુલ્મોને બયાન કરતા હતા. જેના લીધે સામાન્ય લોકોમાં યઝીદના વિરૂધ્ધ ગુસ્સો અને બદલાની લાગણી વધતી હતી. મદીનાના ગવર્નર અમ્ર બીન સઅ્દ અલ અશ્દકે યઝીદ(લ.અ.)ને આ સ્થિતિથી માહિતગાર કર્યો. યઝીદે જવાબમાં લખ્યુ કેઃ તેમના અને લોકોના દરમ્યાન જુદાઇ કરી દો અને તેમને મદીનાથી કોઇ બીજા શહેરમાં રવાના કરી દો. જ્યારે જનાબે ઝયનબ(સ.અ.) પર તે સમયની હુકુમતનો દબાવ ખૂબ જ વધી ગયો અને મદીનામાં જીવવુ અસહ્ય થઇ ગયુ તો આપ મિસ્ર ચાલ્યા ગયા અને ત્યાં જ આપની વફાત થઇ. ત્યાના લોકોએ આપનો ખૂબ જ એહતેરામ કર્યો અને આપની વસીય્યત મુજબ મસ્જીદે જામેઅમાં નમાઝે જનાઝા પછી આપને આપના ઘરમાં દફન કરી દેવામાં આવ્યા.

આ વિશે ફક્ત એટલુ જ કેહવુ છે કે કોઇ પણ ભરોસાપાત્ર તારીખમાં મિસ્રમાં જનાબે ઝયનબ(સ.અ.)ની કબ્રનુ વર્ણન નથી. કાહેરામાં જે મઝાર છે તે જનાબે ઝયનબે કુબરા(સ.અ.)ની નથી. બલ્કે ઝયનબ બિન્તે યહ્યા અલ મુતવ્વજ ઇબ્નીલ હસન અલ અન્વર બીન ઝૈદ બીન હસન બીન અલી બીન અબી તાલિબ(અ.સ.)ની કબ્ર છે.

આ સિવાય આ મશ્હૂર ઇતિહાસકાર ઇબ્નુલ અન્સારીએ ''અલ કવાકેબુસ સય્યારહ'' નામની કિતાબમાં મિસ્રના મશ્હૂર મઝારાતનુ વર્ણન કર્યુ છે. તેમાં જનાબે ઝયનબે કુબરા(સ.અ.)ના મઝારનુ કોઇ વર્ણન નથી. જ્યારે કે ઝયનબ નામની ૧૧ ખવાતીનના મઝારનુ વર્ણન છે. આથી અગર જનાબે ઝયનબ(સ.અ.)ની મઝાર મિસ્રના કાહેરહ શહેરમાં હોતે તો તેનો જરૂર ઉલ્લેખ હોતે.

ત્રીજા મંતવ્ય વિશે દલીલ બયાન કરીએ છીએ. એક તો આ મઝારનો પ્રાચિન ઇતિહાસ છે. બીજુ કે હઝરત ઇમામ હસને મુજતબા(અ.સ.)ના પૌત્રી અને હઝરત ઇમામ જાફરે સાદિક(અ.સ.)ના પુત્રવધૂ સૈયદા નફીસા બિન્તે હસન બિન ઝૈદ બિન હસન બિન અલી(અ.સ.)એ આ મઝારની ઝિયારત માટે મુસાફરી કરી અને શામ આવીને ઝિયારત કરી.

ત્રીજુ એ કે અસંખ્ય ઇતિહાસકારોએ આ વાકેઓ લખ્યો છે કે જ્યારે ૧૩૦૨ હિ.સ.માં રોઝાનો ગુંબજ ધ્વસ્ત થઇ ગયો, દમિશ્કના હાકિમે વેપારીઓની

સહાયથી આ રોઝાની તઅ્મીર (બાંધકામ) શરૂ કર્યુ. આ તઅ્મીર દરમ્યાન એક માનવ કદનો પત્થર નીકળ્યો કે જેના પર આ લખાણ લખેલુ હતુઃ

*''હાઝા કબ્રુસ સય્યદતે ઝયનબ બિન્તે અલી બિન અબી તાલિબ...''*

*''આ જનાબે ઝયનબ બિન્તે અલી બિન અબી તાલિબ (અ.સ.)ની કબ્ર છે.''*

આ જ જગ્યાએ તેમની વફાત થઇ અને તેમની કબ્ર બનાવવામાં આવી, જ્યારે કે આપ બીજી વાર શામ પરત આવ્યા.

(ઝયનબુલ કુબરા, પાના નં. ૨૩૦, અબુલ કાસિમ દીબાજી)

ચોથી વાત એ કે અગર જનાબે ઝયનબે કુબરા(સ.અ.) ની પવિત્ર કબ્ર અને મઝારે મુકદ્દસ શામમાં ન હોતે તો દાઇશ અને વહાબી વિચારધારા ધરાવનારાઓ બોમ્બ વર્ષા ન કરતે. આ દુશ્મનાને એહલેબૈત(અ.મુ.સ.) તેમના જીવન દરમ્યાન પણ તેમને તકલીફ આપતા રહ્યા અને વફાત બાદ તેમના મઝારોને ધ્વસ્ત કરીને પોતાની અંદરૂની દુશ્મનીનો પુરાવો રજુ કરતા રહ્યા છે.

## પાંચમી વાતઃ હઝરત ઇમામે ઝમાના(અ.સ.)નું સમર્થન અને તાકીદઃ

મર્હુમ અને મગ્ફુર જનાબ મોહમ્મદ રઝા સક્કાઝાદેહએ પોતાની કિતાબ ''ખસાએસુલ ઝયનબીયહ'' ની પ્રસ્તાવનામાં આ વાકેઓ મર્હુમ આયતુલ્લાહ આકા ઝીયાહ ઇરાકી (તા.સ.) (જેમના શાગિર્દોની સૂચિમાં બુઝુર્ગ મરાજેઅ શામિલ છે) બયાન કરે છે કે એક મર્દે મોઅમીન કતીફ (સઉદી અરબીયહ) થી મશહદે મુકદ્દસ હઝરત ઇમામે રેઝા(અ.સ.)ની ઝિયારત માટે જઇ રહ્યો હતો. રસ્તામાં તેનો તમામ માલ ગાએબ થઇ ગયો. તે રણમાં હેરાન-પરેશાન હતો. જ્યારે ચોમેરથી પરેશાનીઓએ ઘેરી લીધો તો વલીએ આલમે ઇમ્કાન હઝરતે ઇમામે ઝમાના(અ.સ.)ની ખિદમતે અકદસમાં ફરિયાદ કરી, ઇસ્તેગાસાહ કરી, તવસ્સુલ કર્યો. એવામાં નૂરાની શખ્સની ઝિયારત નસીબ થઇ. તેમણે એક રકમ આપીને ફરમાવ્યુંઃ આના વડે તુ સામર્રા પહોંચી જશે. સામર્રામાં અમારા વકીલ હાજ મિર્ઝા હસન શિરાઝીની પાસે જજે અને તેમને કહેજે કેઃ તમારી પાસે અમારા અમુક નાણાકીય હક્ક છે. આપ એટલુ આપી દો કે જેનાથી હું મારા જદ્દ હઝરતે ઇમામે રેઝા(અ.સ.)ની ઝિયારત કરી શકુ.

તે મર્દે મોમિનનું બયાન છે કે તે સમયે હું એટલો પરેશાન હતો કે એ બાબત તરફ ધ્યાન જ ન આપી શકાયુ કે આ સૈયદ કોણ છે? અને ક્યાંથી તશરીફ લાવ્યા છે? અલબત્ત મેં તેમને એટલુ તો પુછ્યુ જ કે અગર જ. શિરાઝીએ મને આપના વિશે પુછ્યુ, તો હું શું જવાબ આપુ?

તેમણે ફરમાવ્યુંઃ ''તુ જનાબે શિરાઝીને કહેજે કે સૈયદ મહદી છે. તુ અને મુલ્લા અલી કની તહરાની આ વર્ષે ઉનાળામાં શામમાં હતા અને તમે બન્ને મારા ફુફી જનાબે ઝયનબે કુબરા(સ.અ.)ની ઝિયારતથી મુશર્રફ થયા હતા. તે સમયે ત્યાં ઝાએરોનો હુજુમ હતો. ત્યાં ઝવ્વારોએ કબુતરોના માટે ખૂબ જ દાણા નાખ્યા હતા. તે સમયે તમે બન્ને તમારી અબા ઉતારીને હરમમાં ઝાડુ દઇ રહ્યા હતા અને વિખરાએલા દાણાઓને એક ખૂણામાં ભેગા કરી રહ્યા હતા. ત્યાર બાદ મુલ્લા અલી કની તેહરાની પોતાના હાથોથી એ દાણાઓને ઉઠાવીને હરમ બહાર લઇ જઇ રહ્યા હતા. હું ત્યાં ઉભો ઉભો તમો બન્નેને નિહાળી રહ્યો હતો.

ક્તીફીનો મર્દે મોમીન કહે છેઃ જ્યારે મેં આયતુલ્લાહ હાજ મિર્ઝા હસન શિરાઝીને આ વાકેઓ બયાન કર્યો, તો તેમના પર એક અજીબ કૈફીયત તારી થઇ ગઇ. મને ગળે લગાવ્યો, મારા કપાળનો બોસો લીધો, મારો એહતેરામ કર્યો અને ખુરાસાન સુધી જવાનો ખર્ચ આપી દીધો.

પછી અમુક દિવસો બાદ તે મોમિનનું તેહરાન જવાનું થયુ અને ત્યાં મુલ્લા અલી કની તેહરાનીથી મુલાકાત થઇ. તેમને પણ આ વાકેઓ બયાન કર્યો. તેમણે પણ આ વાતની તસ્દીક કરી. પણ તેમને એ વાતનો ખૂબ જ અફસોસ હતો કે ઇમામે ઝમાના(અ.સ.)એ મિર્ઝા શિરાઝીના નામે પૈગામ મોકલ્યો અને તેમને આ લાયક ન સમજ્યા.

(ઝયનબુલ કુબરા, પાના નં. ૨૩૧-૨૩૩)

**અનુસંધાન પાના નં. ૨૬ ઉપર ...**

# ઝિયારતે નાહિયાની સમજુતી

(અલ મુન્તઝર મોહર્રમ ખાસ અંક હિ.સ. ૧૪૩૬ ના ગયા અંકથી શરૂ)

**અસ્સલામો અલલ્ મોહ્તસેબીસ્ સાબીર**

***સલામ થાય એમના પર જેમણે અલ્લાહની ખુશી ખાતર તમામ કુરબાનીઓ આપી અને મુસીબતો ઉપર સબ્ર કરી***

'મોહ્તસીબ' નો મૂળ શબ્દ છે 'હે સીન બે' અને તે બાબે ઇફતેઆલનુ ઇસ્મે ફાએલ છે જેનુ મસ્દર 'એહતેસાબ' છે.

'એહતેસાબ'ના જુદા જુદા અર્થ થાય છે, પરંતુ અહીંયા તેનાથી મુરાદ એ શખ્સ છે કે જે ખુદાવંદે તઆલાની ખુશી માટે કોઇ કામને અંજામ આપે છે.

શબ્દકોષમાં 'એહતેસાબ'નો અર્થ આ રીતે મળે છે.

***એહતેસાબન્ અય્ તલબન્ લે વજ્હીલ્લાહે તઆલા વ સવાબેહી***

***એહતેસાબ એટલે અલ્લાહ તબારક વ તઆલાની ખુશનુદી અને તેનો સવાબ હાંસીલ કરવા માટે***

(લેસાનુલ અરબ, ઇબ્ને મન્ઝુર, ભાગઃ ૧, પાના નં. ૩૧૫)

અથવા રિવાયતમાં આ પ્રમાણે મળે છેઃ

***અન્ જાબેરીલ્ જોઅ્ફીય્યે અન્ મોહમ્મદીબ્ને અલીય્યીન અલય્હેમસ્સલામો કાલ કાલ રસુલુલ્લાહે સલ્લલ્લાહો અલય્હે વ આલેહી અલ્ મોઅઝ્ઝેનુલ્ મોહ્તસેબો કશ્શાહેરે સય્ફહુ ફી સબીલીલ્લાહ***

***જાબીરે જોઅફી રિવાયત કરે છે કે ઇમામ મોહમ્મદ બાકિર(અ.સ.)એ ફરમાવ્યુ કે રસુલુલ્લાહ(સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ જે અલ્લાહ તઆલાની ખુશનુદી માટે અઝાન આપે તો તેનો સવાબ એ શખ્સના જેવો છે કે જેણે અલ્લાહ તઆલાની રાહમાં તલવાર ઉઠાવી હોય (એટલે જેહાદ કરી હોય)***

(વસાએલુશ્શીયા, શૈખ હુર્રે આમેલી, ભાગઃ ૫, પાના નં. ૩૭૪, પ્રકરણઃ ૨, હદીસ નં. ૬૮૨૪)

ફકરામાં બીજો શબ્દ 'સાબીર' છે. જેનાથી મુરાદ એ શખ્સ છે જે સબ્ર કરતો હોય. જે સોલાસી મુજર્રદનું ઇસ્મે ફાએલ છે.

ચોક્કસ ઇમામ હુસૈન(અ.સ.)એ સબ્ર અને સહનશીલતાના એ જૌહર દેખાડ્યા કે ખુદ 'સબ્ર'ને પસીનો આવી જાય. પરંતુ હુસૈન(અ.સ.)ના માથા પર શીકન ન આવી. અલ્લાહની કસમ દુનિયાની તમામ કલમ ટુટી જાય અને શાહી સુકાઇ જાય પરંતુ હુસૈન(અ.સ.)ના સબ્રનું વર્ણન નથી કરી શકાતું.

**અસ્સલામો અલલ્ મઝ્લુમે બે લા નાસીર**

***સલામ થાય તે મઝલુમ ઉપર જેમના કોઇ સાથી અને મદદગાર ન હતા.***

'મઝલુમ'નો મુળ શબ્દ ઝ-લ-મ અને મઝલુમ તેનુ ઇસ્મે મફઉલ છે. એટલે તે શખ્સ જેના પર ઝુલ્મ કરવામાં આવે. ઇતિહાસમાં આલે મોહમ્મદ(અ.મુ.સ.)થી વધારે કોઇ મઝલુમ નથી. હકીકત એ છે કે અગર આ ઝુલ્મનો પહાડ કોઇ બીજા પર તુટી પડે તો તે ચુરે ચુરા થઇ જાય.

'બે લા નાસીર' (જેનો કોઇ મદદગાર ન હોય) તે એ સમય તરફ ઇશારો છે કે જ્યારે ઇમામ હુસૈન(અ.સ.)ના કોઇ દોસ્ત અને મદદગાર ન રહ્યા. જ્યારે તમામ અન્સારો, કુટુંબીજનો અને ઔલાદ રાહે ખુદામાં કુરબાન થઇ ગયા. ઇમામ હુસૈન(અ.સ.)એ ઇસ્તેગાસાની અવાજ બુલંદ કરી. જનાબે અલી અસ્ગર(અ.સ.)એ પોતે પોતાને ઘોડીયામાંથી ગીરાવી દીધા. ઇમામ હુસૈન(અ.સ.) પોતાના છ મહીનાના બાળકને મેદાનમાં લઇ ગયા અને જનાબે અલી અસ્ગર (અ.સ.) શહીદ થઇ ગયા અને ત્યાર પછી ઇમામ

હુસૈન (અ.સ.) એકલા હતા. ન કોઇ દોસ્ત, ન કોઇ મદદગાર.

**અસ્સલામો અલા સાકેનિત્ તુરબતિઝ્ ઝાકેયતે**

***સલામ થાય પાકો પાકીઝા ખાક પર વસનાર પર***

'સાકિન' મુળ શબ્દ સીન-કાફ-નૂન છે અને સાકિન તેનુ ઇસ્મે ફાએલ છે. જેનો મતલબ છે સુકુનત ઇખ્તેયાર કરવાવાળા અથવા રહેવાવાળા.

'તુરબત' એટલે ખાક અને 'ઝાકિયહ' એટલે પાકીઝા. 'ઝાકિયહ' મોઅન્નસ છે. 'ઝાકિ'નું ઇસ્મે ફાએલ છે. આપણા શીયાનો એ અકીદો છે કે કોઇ પણ સરઝમીન સરઝમીને કરબલાથી અફઝલ નથી. દા.ત. રિવાયતમાં મળે છે.

***અન્ અબી અબ્દીલ્લાહે અલય્હીસ્સલામો ઇન્ન અર્ઝલ્ કઅ્બતે કાલત્ મન્ મિસ્લી વ કદ્ બોનેય બય્તુલ્લાહે અલા ઝહ્રી યઅ્તીનીન્નાસો મિન્ કુલ્લે ફજ્જીન અમીકીન વ જોઈલ્તો હરમલ્લાહે વ અમ્નહુ ફ અવ્હલ્લાહો એલય્હા કુફ્ફી વ કીર્રી મા ફઝ્લો મા ફુઝ્ઝીલ્તે બેહી ફીમા ઉઅ્તેયત અર્ઝો કર્બલાઅ ઇલ્લા બે મન્ઝેલતીલ્ ઇબ્રતે ગોમેસત્ ફીલ્ બહ્રે ફ હમલત્ મિન્ માઈલ્ બહ્રે વ લવ્ લા તુર્બતો કર્બલાઅ મા ફઝ્ઝલ્તોકે વ લવ્ લા મન્ ઝમ્મત્હો કર્બલાઓ લમા ખલક્તોકે વ લા ખલક્તુલ્લઝી ફ્ તખર્તે બેહી ફ કીર્રી વસ્તકીર્રી વ કુની ઝનબન્ મોતવાઝેઅન્ ઝલીલન્ મહીનન્ ગય્ર મુસ્તન્કેફિન્ વ લા મુસ્તકબેરિન્ લે અર્ઝે કર્બલાઅ વ ઇલ્લા મસખ્તોકે વ હવય્તો બેકે ફી નારે જહન્નમ***

***ઇમામ સાદિક(અ.સ.)એ ફરમાવ્યું કે કાબાની સરજમીને કહ્યું મારા જેવુ કોણ છે? જેમકે અલ્લાહનું ઘર મારા ઉપર બનાવવામાં આવ્યુ છે, દુનિયાના દૂર દૂરના દેશોમાંથી લોકો મારી પાસે આવે છે. મને અલ્લાહનું હરમ અને અમાનની જગ્યા કરાર આપવામાં આવી છે. (જેવો આ ખ્યાલ તેને આવ્યો) અલ્લાહે તેના પર વહી કરી, કાબુમાં રહે અને તારી જગ્યાએ ઉભી રહે. જે ફઝીલત મેં ઝમીને કરબલાને અતા કરી છે તેની સરખામણીમાં તારી ફઝીલત એક સોઇની બરાબર પણ નથી જેને સમંદરમાં ડુબાડી દેય અને પછી જ્યારે બહાર કાઢવામાં આવે તો સમંદરના પાણીના (એક ટીપા સાથે) નીકળે. (એજ રીતે) અગર સરજમીને કરબલા ન હોત તો હું તને આ ફઝીલત પણ અતા ન કરતે અને અગર સાકીને કરબલા (એટલે ઇમામ હુસૈન અ.સ.) ન હોતે તો હું તને પૈદા ન કરતે, અને ન હું તેને પૈદા કરત કે જેના પર તું ફખ્ર અને ગર્વ કરી રહી છે. માટે રોકાઇ જા અને તારી જગ્યા પર રહે અને સરજમીને કરબલા માટે નમ્ર, ઝલીલ અને ખાકસાર બનીને રહે અને કરબલાના મુકાબલામાં ક્યારેય તકબ્બુર અને ઘમંડ ન કરજે નહીતર હું તને 'મસ્ખ' કરી દઇશ અને તને જહન્નમમાં હલાક કરી દઇશ.***

(કામેલુઝ્ ઝીયારત અઝ્ ક્વ્લીયા, પેજ નં. ૨૬૭, પ્રકરણ ૮૭)

જેમકે ઉપરની હદીસ સ્પષ્ટ કરે છે કે દુનિયાની કોઇ પણ જમીન સરઝમીને કરબલાનો મુકાબલો નથી કરી શક્તી.

**અસ્સામો અલા સાહેબીલ્ કુબ્બતીસ્ સામેયતે**

***સલામ થાય મહાન ગુંબજવાળા પર***

'અસ્સામીયાહ' ઇસ્મે ફાએલ છે. જેનો મુળ શબ્દ સીન-મીમ-વાવ અને 'સમવ' નો અર્થ બુલંદ અને મહાન છે. આ પહેલા એ વાત થઇ ચુકી છે કે આ ઝિયારતમાં ઇમામ હુસૈન(અ.સ.)ને એવી રીતે સલામ કરવામાં આવી છે કે 'સલામ થાય તેના પર કે જેના ગુંબજની નીચે દુઆઓ કબુલ થાય છે' બીજા શબ્દોમાં આ ફકરામાં જે બુલંદીનો ઝિક્ર થયો છે, તે ફક્ત ઇમારતની બુલંદી નથી પરંતુ રૂહાની અને દરજ્જાની બુલંદી છે. આ ગુંબજની નીચે ઉભા રહીને દુઆ માંગવાની ખુબ જ તાકીદ કરવામાં આવી છે, દુઆઓ અહી કબુલ થાય છે.

**અસ્સલામો અલા મન તહ્હરહુલ્ જલીલ**

***સલામ થાય તેના પર જેમને ખુદાએ જલીલે (જલાલના માલિકે) પાક રાખ્યા***

'તહ્હર્' બાબે તફઈલનો પહેલો સીગો છે અને તેનું ઝમીર 'તહ્હરહૂ' માં 'હુ' મફઉલુન બેહ છે અને જલીલ ફાએલ છે અને અહીં અલ્લાહની સિફત છે. ઝિયારતે નાહિયાના આ ફકરાથી ઈમામ હુસૈન(અ.સ.)ની એ તહારતના બારામાં વાતચિત થઇ રહી છે જેનો ઝિક્ર ખુદાવંદે મુતઆલે 'આયતે તત્હીર'માં કર્યો છે, એટલે ઇમામ હુસૈન(અ.સ.) અસ્હાબે કિસાઅના તે પાકીઝા વ્યક્તિઓમાંથી છે કે નજાસત તેમના કરીબ નથી આવી શક્તી. સુરે અહઝાબમાં એલાને હક થાય છે:

***ઈન્નમા યોરીદુલ્લાહો લે યુઝ્હેબ અન્કોમુર્ રિજ્સ અહ્લલ્બય્તે વ યોતહ્હેરકુમ તત્હીરા***

***અલ્લાહે ઈરાદો કર્યો છે કે ફક્ત તમારાથી દરેક નજાસત અને ગંદકીને દૂર રાખે અય એહલેબૈત(અ.મુ.સ.) અને (તમને) એવા પાક રાખે જેવો પાક રાખવાનો હક છે.***

(સુરે અહઝાબ, આયત નં. ૩૩)

આ આયતે કરીમા આયતે તત્હીરના નામથી મશ્હુર છે. આ આયતમાં ઝાતે હક્કે તેમની તહારત અને પાકીઝગીની પોતે ઝમાનત લીધી છે અને જાહેર છે કે તેનાથી વધીને કોઇ ઝમાનત હોઇ ન શકે.

ધ્યાન આપવા જેવી વાત એ છે કે આ ફકરામાં ઇમામ (અ.સ.)ને ખુદાના ઇસ્મે જલાલી 'અલ-જલીલ'ને ઇમામ હુસૈન(અ.સ.)ની તહારતથી જોડવામાં આવ્યુ છે. પરંતુ તેનો હકીકી ભેદ ફક્ત અલ્લાહ અને તેની હુજ્જત જાણે છે પરંતુ જાહેરી રીતે આ ઇશારો એ હકીકત તરફ હોઇ શકે કે જે અફરાદે ઇમામ હુસૈન(અ.સ.) પર ઝુલ્મના પહાડ તોડ્યા તેઓને આ દુનિયામાં, બરઝખમાં અને કયામતમાં ખુદાની કહ્હારીયતની મઝા ચાખવી પડશે. (સત્ય અલ્લાહ બેહતર જાણે છે.)

**અસ્સલામો અલા મનિફ્તખર બેહી જબ્રઈલો**

***સલામ થાય તેના પર કે જેની ખિદમત-ગુઝારી પર હઝરત જીબ્રઈલ(અ.સ.) ફખ્ર કરે છે.***

'ઈફ્તખર'નો મુળ શબ્દ ફે-ખે અને રે છે અને તે ફેઅલે માઝીનો પેહલો સીગો છે બાબે ઇફ્તેઆલમાં. હઝરત જીબ્રઈલ(અ.સ.)એ હઝરત ઇમામ હુસૈન(અ.સ.)ની કઇ રીતે મદદ કરી છે અને ચોક્કસ આ ખિદમત હઝરત જીબ્રઈલ (અ.સ.)ના માટે ફખ્રનો સબબ અને ગૌરવનું કારણ છે. તેની તફસીલ માટે બેહારૂલ અન્વાર ૪૩ અને ૪૪ માં ભાગ તરફ રજુ થઇ શકો છો.

**અસ્સલામો અલા મન્ નાગાહો ફીલ્ મહ્દે મીકાઈલો**

***સલામ થાય તેમના પર જેમને હઝરત મીકાઈલ (અ.સ.)એ ઘોડીયામાં લોરીયા સંભળાવી.***

'નાગાહો' નો મુળ શબ્દ નૂન-ગય્ન અને યા છે અને બાબે મુફાએલાહમાં માઝીનો પેહલો સીગો છે. 'મુનાગાહ' એટલે લોરીયા સંભળાવવી. ઇબ્ને મન્ઝુર લખે છે:

***અન્નગ્યતો : મિસ્લુન્ નગ્મતે***

***'નગ્યા'થી મુરાદ નગમા છે***

(લેસાનુલ્ અરબ, ભાગઃ ૧૫, પાના નં. ૩૩૫)

'મહ્દ' એટલે ઘોડીયુ.

અમુક રિવાયતોમાં મળે છે કે જીબ્રઈલ(અ.સ.) લોરી સંભળાવતા હતા.

***અન્ રસૂલિલ્લાહે સલ્લલ્લાહો અલય્હે વ આલેહી અન્ન જબ્રઈલ નાગાહો ફી મહ્દેહી***

***પયગંબરે અકરમ(સ.અ.વ.)એ ફરમાવ્યુ કે જીબ્રઈલ (અ.સ.) તેને (ઇમામ હુસૈન અ.સ. ને) ઘોડીયામાં લોરી સંભળાવતા હતા.***

(બેહારૂલ અન્વાર, ભાગઃ ૪૪, પાના નં. ૧૪૦, હદીસ નં. ૭ 'ઓયુનુલ મોઅજેઝાત' સય્યદ મુરતુઝામાંથી / બેહારૂલ અન્વાર, ભાગઃ ૯૯, પાના નં. ૧૯૧, ઝિયારતે જામેઆહ)

એ બાળક જેને જીબ્રઈલ(અ.સ.) અને મીકાઈલ (અ.સ.) જેવા મુકર્રબ ફરિશ્તા ઘોડીયામાં લોરી સંભળાવે અને તેના પર ફખ્ર, મુબાહત અને રશ્ક કરે, તે

બાળકનો કેટલો મરતબો અને મકામ હશે? સુબ્હાનલ્લાહ પરંતુ મેદાને કરબલામાં તે જ પાકઝાત એટલે ઈમામ હુસૈન ઈબ્ને અલી (અ.સ.) ઝમીન પર છે, શીમ્ર મલઉન(લ.અ.) સીના પર સવાર છે અને ખંજરથી સરને શરીરથી જુદુ કરી રહ્યો છે. ચોક્કસ અર્શે ઈલાહી કાંપવા લાગ્યુ હશે અને ફરિશ્તા રડવા લાગ્યા હશે.

**અસ્સલામો અલા મન્ નોકેસત્ ઝિમ્મતોહુ વ ઝિમ્મતો હરમેહી**

*સલામ થાય તેમના પર કે જેમના દુશ્મનોએ તેમના અને તેમના એહલે હરમના બારામાં પોતાના વાયદાને તોડ્યા*

'નોકેસ' એટલે 'નક્ઝ' કરવુ અથવા તોડવુ. નોકેસત માઝી મજહુલનો ચોથો સીગો છે. 'ઝિમ્મહુ'થી મુરાદ વાયદો અને પયમાન અને હરમનો અર્થ એહલે હરમ એટલે ખાનદાનવાળા.

આ 'નકસ' વાયદો મૌલાએ કાએનાત(અ.સ.)ના ઝમાનામાં તોડી નાખવામાં આવ્યો હતો. માટે જે લોકો જંગે જમલમાં આપ(અ.સ.) સામે લડવા આવ્યા હતા, તેઓ નાકેસીન કહેવાય છે. રિવાયતમાં મળે છે કે મૌલાએ કાએનાત અમીરૂલ મોઅમેની(અ.સ.)એ ફરમાવ્યું:

*ઓમિર્તો બે કેતાલિન્નાકેસીન વલ્ કાસેતીન વલ્ મારેકીન*

*મને હુકમ આપવામાં આવ્યો છે કે નાકેસીન (જંગે જમલ) અને કાસેતીન (જંગે સિફ્ફીન) અને મારેકીન (જંગે નહેરવાન)થી જંગ કરૂ.*

(બેહારૂલ અન્વાર, ભાગઃ ૨૯, પાના નં. ૪૩૪, શૈખે સદુક(અ.ર.)ની ખેસાલમાંથી)

તેજ તે વ્યક્તિઓ હતા અને તેમની પૈરવી કરવાવાળા તેમના કાર્યથી રાજી રેહવાવાળા જે કરબલામાં સય્યદુશ્શોહદા ઈમામ હુસૈન(અ.સ.)થી જંગ કરવા ભેગા થયા હતા અને કરબલામાં ન ફક્ત ઈમામ હુસૈન(અ.સ.)થી બયઅત તોડી હતી પરંતુ આપના એહલે હરમનું પણ માન ન રાખ્યું એ વાત ધ્યાનમાં રહે કે ઈમામ હુસૈન(અ.સ.)ના એહલે હરમ રસુલુલ્લાહ (સ.અ.વ.)ના એહલે હરમ છે. સાદિકે આલે મોહમ્મદ ઈમામ સાદિક (અ.સ.)થી રિવાયત મનકુલ છેઃ

*અન્ અબી સઈદેનિલ ખુદરીય્યે કાલ કાલ રસૂલુલ્લાહે સલ્લલ્લાહો અલય્હે વ આલેહી ઈન્ન લિલ્લાહે હોરોમાતિન સલાસુન મન્ હફેઝહુન્ન હફેઝલ્લાહો લહુ અમ્ર દીનેહી વ દુન્યાહો વ મન્ લમ્ યહ્ફઝ્હુન્ન લમ્ યહ્ફઝિલ્લાહો શય્અન હુર્મતલ્ ઈસ્લામે વ હુર્મતી વ હુર્મત ઈત્રતી*

*અબુ સઈદ ખુદરી નકલ કરે છે કે હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યુઃ અલ્લાહ (અઝ્ઝ વ જલ્લ)ના માટે ત્રણ ચીજ સહુથી વધારે માનવંત છે. જેમણે તેમનું માન અને સમ્માન રાખ્યુ તેણે અલ્લાહનું માન અને સમ્માન રાખ્યુ અને અલ્લાહ તેના દીન અને દુન્યાની બાબતોની હિફાઝત કરશે., જેણે તેમની હિફાઝત ન કરી તો અલ્લાહ કોઈપણ ચીજની હિફાઝત નહી કરે. ઈસ્લામની હુરમત મારી હુરમત અને મારી ઈતરતની હુરમત છે.*

(બેહારૂલ અન્વાર, ભાગઃ ૨૪, પાના નં. ૧૮૫, હદીસ નં.-૨, શૈખે સદુક(અ.ર.)ની ખેસાલમાંથી ભાગઃ ૧, પાના નં. ૧૪૬)

ઉપરની હદીસથી સ્પષ્ટ થાય છે કે, આજે દુનિયાભરમાં મુસલમાનોની જે પરિસ્થિતિ છે એટલે કે ઝિલ્લત, રૂસ્વાઈ, જેહાલત, કત્લોગારત વગેરે એ ફકત એટલા માટે છે કે તેઓએ અલ્લાહની હુરમતોનું માન ન રાખ્યુ. એટલે અલ્લાહે તેમની હુરમતોની પરવા ન કરી.

**અસ્સલામો અલા મનિન્ તોહેકત્ હુરમતુલ ઈસ્લામે ફી એરાકતે દમેહી**

*સલામ થાય તેમના પર કે જેમના ખુન વહેવાથી ઈસ્લામની હુરમત પામાલ થઈ ગઈ*

'ઈન્તોહેકત'નો મૂળ શબ્દ નૂન, હે, કાફ છે અને તે માઝી મજહૂલનો ચોથો સીગો છે. ઈન્તેહાકનો શાબ્દીક અર્થ તે ચીઝ હાથ લાગવી જે તેના માટે હલાલ ન હોય. અહીં તેનાથી મુરાદ 'પાયમાલ' કરવુ છે. જેઓએ ઈમામ હુસૈન(અ.સ.)નું ખુન વહાવ્યુ તેઓએ હકીકતમાં ઈસ્લામની હુરમતને પાયમાલ કરી છે. જેમકે ઉપરની હદીસથી સ્પષ્ટ વાઝેઅ થાય છે.

'ઇરાકહ' નો મૂળ શબ્દ રે, યે, અને કાફ છે. તે બાબે ઇફઆલનું મસ્દર છે અને તેનો અર્થ થાય છે 'વહાવવુ' જ્યારે કોઇ ચીઝ શિદ્દતથી વહેતી હોય તો તેને કહે છે 'રીકહ'

આ બાબતમાં વધારે બે હદીસ જોઇએ.

*અન્ જાબેરિન સમેઅ્તો રસૂલલ્લાહે સલ્લલ્લાહો અલયહે વ આલેહી યકૂલો યજીઓ યવ્મલ્ કેયામતે સલાસતુન યશ્કૂનઃ અલ્ મુસ્હફો વલ્ મસ્જેદો વલ્ ઇત્રતો યકૂલો અલ્ મુસ્હફો યા રબ્બે હર્રફૂની વ મઝ્ઝકૂની વ યકૂલુલ્ મસ્જેદો યા રબ્બે અત્તલૂની વ ઝય્યઉની વ યકૂલુલ્ ઇત્રતો યા રબ્બે કતલૂના વ તરદૂના વ શર્રદૂના ફ અજ્સૂ લિર્ રૂક્બતૈને લિલ્ ખોસૂમતે ફ યકૂલુલ્લાહો જલ્લ જલાલોહુ લી અના અવ્લા બે ઝાલેક*

*જનાબે જાબિર(અ.ર.) રિવાયત કરે છેઃ રસુલુલ્લાહ (સ.અ.વ.)ને ફરમાવતા સાંભળ્યા કે ત્રણ ચીજ કયામતના દિવસે ફરિયાદ કરતી આવશે, મુસ્હફ(કુર્આન), મસ્જીદ અને મારી ઇતરત. મુસ્હફ કહેશે કે તેઓએ મારામાં મઅ્નવી તેહરીફ કરી અને મને પારા પારા કરી દેવામાં આવ્યુ. મસ્જીદ કહેશેઃ પરવરદિગાર! તેઓએ મને બેકાર અને વેડફી દીધી, અને મારી ઇતરત(એટલે મારી એહલેબૈત(અ.મુ.સ.) કહેશે પરવરદિગાર! આ લોકોએ અમને કત્લ કરી દીધા, દરવાજાથી ભગાવી દીધા અને દરબદર ભટકાવ્યા. પછી તે બધા ઘુંટણભર થઇ જશે, એટલામાટે કે તેઓની ફરિયાદની કાર્યવાહી થાય. અલ્લાહ જલ્લ જલાલહુ જવાબ આપશે એને મારા પર છોડી દયો, હું તેનો વધારે હકદાર છું.*

(બેહારૂલ અન્વાર, ભાગઃ ૨૪, પાના નં. ૧૮૬ ખેસાલમાંથી શૈખે સદુક અ.ર., ભાગઃ ૧, પાના નં. ૧૪૬)

*અનિલ્ ઇમામે મૂસબ્ને જઅ્ફરિન્ અન્ અબીહે અલયહેમસ્સલામો ફી કવ્લિલ્લાહે અઝ્ઝ વ જલ્લ વ મંય યોઅઝ્ઝિમ્ હોરોમાતિમલ્લાહે ફહોવ ખયરૂન લહૂ ઇન્દ રબ્બેહી કાલ હેય સલાસો હોરોમાતિન વાજેબતિન્ ફમન્ કતઅ મિન્હા હુર્મતહૂ ફકદ્ અશ્રક બિલ્લાહિલ્ ઉલન્તેહાકો હુર્મતિલ્લાહે ફી બય્તેહિલ્ હરામે વસ્સાનેયતો તઅ્તીલુલ્ કેતાબે વલ્ અમલો બે ગય્રેહી વસ્સાલેસતો કતીઅતો મા ઉજેબ મિન્ ફર્ઝે મવદ્દતેના વ તાઅતેના*

*ઇમામ મુસા બિન જઅફર(અ.સ.) આપના માનનીય પિતા ઇમામ જઅફરે સાદિક(અ.સ.)થી રિવાયત કરે છેઃ અલ્લાહ અઝ્ઝ વ જલ્લનો આ કૌલ કે જે અલ્લાહની હુરમતને માન આપે તે અલ્લાહની નજદીક તે બંદા માટે બેહતર છે. તેની તફસીર આ પ્રમાણે ફરમાવીઃ તેનાથી મુરાદ ત્રણ વાજીબ હુરમતો છે જેમાંથી કોઇએ એકને પણ પાયમાલ કરી, જાણે તેને અલ્લાહની હુરમતને પાયમાલ કરી અને તેણે અલ્લાહને શરીક કરાર દીધો. પેહલી અલ્લાહની હુરમત તેના મોહતરમ ઘરથી સંબંધિત છે. બીજી કિતાબે ખુદાને રદ કરી દેવું અને તેના પર અમલ ન કરવો અને ત્રીજી જે અલ્લાહે અમારી મવદ્દત અને ઇતાઅત વાજીબ કરી છે તેને છોડી દેવું.*

(બેહારૂલ અન્વાર, ભાગઃ૨૪, પાના નં. ૧૮૬, હદીસ નં.-૫, ખેસાલથી નક્લ શૈખે સદુક અ.ર., ભાગઃ ૧, પાના નં. ૧૪૬)

**અસ્સલામો અલલ્ મુગસ્સલે બે દમીલ્ જેરાહે...**

*સલામ થાય તેમના પર જેમને ઝખ્મોના ખુનથી નવરાવવામાં આવ્યા*

'મુગસ્સલ' એટલે જેને ગુસ્લ આપવામાં આવે. આ બાબે તફઅીલનું ઇસ્મે મફઅૂલ છે.

'દમ્મ'થી મુરાદ ખુન અને 'જેરાહ' જર્હ અથવા જૂરહનું બહુવચન છે.

ઝિયારતનો આ શબ્દ બતાવી રહ્યો છે કે રોઝે આશુર ઇમામ હુસૈન(અ.સ.) માથાથી પગ સુધીના ઝખ્મોથી નીકળેલા ખુનમાં નહાએલા હતા, ત્યાં સુધી કે શીમ્ર મલઉને પોતાના ખબીસ લશ્કરીઓને અવાજ આપી કે તમારી માઁ તમારા ગમમાં રડે કઇ વાતની રાહ

જુઓ છો, ઇમામ હુસૈન (અ.સ.) પર હુમ્લો કરો કારણ કે હવે તેમને ઝખ્મો અને તીરોએ કમ્ઝોર અને નબળા કરી નાખ્યા છે. બસ તે મલઉનોએ દરેક તરફથી હુમ્લો કર્યો. એક મલઉન (હસીન બીન તમીમ લ.અ.) આપના મુબારક મોઢા પર તલવાર મારી અબુ અય્યુબ ગનવી (લ.અ.) એ આપના મુબારક ગળા ઉપર તીર માર્યુ. ઝરકા ઇબ્ને શરીક તમીમી (લ.અ.)એ આપના મુબારક ખભા ઉપર જોરદાર ઘાં કર્યો.... ઇમામ હુસૈન (અ.સ.) ઘોડાની પીઠ પરથી જમીન પર આવ્યા....

(બેહારૂલ અન્વાર, ભાગઃ ૪૫, પાના નં. ૫૪)

(વધુ આવતા અંકે ઇન્શાઅલ્લાહ)

---ooo---

**અનુસંધાન પાના નં. ૪ થી શરૂ...**

થશે અને બેશક શફીક ઝયનબ (સ.અ.)એ તે બધુ જ કરી બતાવ્યુ કે જેની આગાહી તેમના નાના એ કરી હતી.

હઝરત ઝયનબ(સ.અ.)એ બીજા બાળકોની સાથે પોતાના પિતાથી તઅલીમ મેળવી અને બાબે મદીનતુલ ઇલ્મ પોતે ઇલ્મ વહેંચી રહ્યા હોય તો શાગીર્દોની ખુશીઓનો કોઇ પાર નથી. પરિણામે મૌલાએ કાએનાતના તમામ બાળકો અકલી રીતે ઇલ્મ અને હિકમતથી ભરપૂર થઇ ગયા. જનાબે ઝયનબ(સ.અ.) ખુબ જ બુધ્ધિશાળી હતા. તેમણે પોતાના પિતા અલી(અ.સ.)થી ઇલ્મ અને સિફતોને સંપૂર્ણ રીતે હાસિલ કરી લીધી હતી. હઝરત અલી(અ.સ.) પોતાના સમયના અજોડ વક્તા હતા તો હઝરત ઝયનબ(સ.અ.) એ પોતાના પિતાની આ ખૂબીને પોતાની અંદર એ રીતે પરિવર્તીત કરી દીધી કે તેઓ પોતે ખુદ ફસાહત અને બલાગતની મિસાલ બની ગયા. તેમના અઝીમુશ્શાન ખુત્બાઓ ઇતિહાસના પેજ ઉપર બેમિસાલ અને અમુલ્ય ગણાય છે.

---ooo---

**અનુસંધાન પાના નં. ૧૧ થી શરૂ...**

આપના જદ્દાએ માજેદા આલેમાએ ગય્રે મોઅલ્લેમા હઝરત ઝયનબ (સ.અ.)ના હવાલાથી વર્ણન કરીએ છીએ.

મર્હુમ હાજી શૈખ અકબર અલી નેહાવંદી પોતાની અમૂલ્ય કિતાબમાં વર્ણન કર્યુ છે કે શૈખ જલીલ હાજી મુલ્લા સુલ્તાનઅલી રૌઝાખ્વાન તબરેઝી કે જેઓ આબિદો અને ઝાહિદોમાંથી હતા, વર્ણન કરે છે કે ખ્વાબમાં હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફિદાની ખિદમતમાં મુશર્રફ થયો અને અરજ કરીઃ મારા આકા! મારા મૌલા! આપે ઝિયારતે નાહિયામાં ફરમાવ્યુઃ ‘ફલ અન્દો બન્નક સબાહન વ મસાહન વ લ અબ્કેયન્ન અલય્ક બદલદ્દોમુએ દમન’ ‘પછી હું સવાર સાંજ આપ પર આહો ઝારી કરતો રહીશ અને આંસુના બદલે ખુન રોતો રહીશ’ શું આ સાચુ છે?

તો હઝરત(અ.સ.)એ ફરમાવ્યુઃ હા સાચુ છે. મેં અરજ કરીઃ એ કઇ મુસીબત છે કે જેના પર આપ આંસુના બદલે ખુનના આંસુ વહાવો છો? શું તે મુસીબત હઝરત અલીઅકબર (અ.સ.)ની છે?

ફરમાવ્યુઃ અગર અલીઅકબર(અ.સ.) જીવતા હોત તો તે પણ આ મુસીબત પર ખુનના આંસુ રોતે. મેં કહ્યુઃ શું તે મુસીબત હઝરત અબ્બાસ(અ.સ.)ની છે?

ફરમાવ્યુઃ અગર હઝરત અબ્બાસ(અ.સ.) પણ જીવતા હોતે તો તે પણ આ મુસીબત પર ખુનના આંસુ વહાવતે. મેં કહ્યુઃ ખરેખર તે સય્યદુશ્શોહદા(અ.સ.)ની મુસીબત છે?

હઝરતે ફરમાવ્યુઃ અગર સય્યદુશ્શોહદા(અ.સ.) પણ જીવતા હોત તો તે પણ આ મુસીબત પર ખુનના આંસુ રોતે. મેં પુછ્યુઃ મૌલા! તો પછી એ કઇ મુસીબત છે?

ફરમાવ્યુઃ હઝરતે ઝયનબ(સ.અ.)ની અસીરીની મુસીબત કે જેના પર હંમેશા ખુનના આંસુ વહાવવામાં આવે છે.

(અબકરીયુલ હેસાન, ભાગઃ ૧, પાના નં. ૯૮)

ખુદાયા! તને જનાબે ઝયનબ(સ.અ.) અને તમામ અસીરાને કરબલાનો વાસ્તો કે એમના પર કરવામાં આવેલ ઝુલ્મનો બદલો લેવા માટે ઇમામે ઝમાના(અ.સ.)ના ઝુહુરમાં જલ્દી ફરમાવ અને તમામ દુશ્મનાને એહલેબૈત(અ.મુ.સ.)ને ઝલીલ અને રૂસ્વા ફરમાવ. (આમીન).

---ooo---

**અનુસંધાન પાના નં. ૧૯ થી શરૂ...**

આ સિવાય એ તમામ બનાવો, ઈનાયતો અને કરામતો કે જે જનાબે ઝયનબે કુબરા(સ.અ.)ના મુકદ્દસ રોઝાથી જાહેર થતી રહે છે તે ખુદ એ વાતની દલીલ છે કે જનાબે ઝયનબે કુબરા(સ.અ.)ની મઝાર શામમાં છે.

ખુદાવંદે આલમ ખૂબ જ જલદી શામ અને બીજા તમામ દેશોને દાઇશ અને તેના જેવા અંતિમવાદી જુથોથી પાક અને સાફ કરે, સંપૂર્ણ રીતે અમ્નો અમાન થાય, દુશ્મનાને એહલેબૈત(અ.મુ.સ.) નિસ્તો નાબુદ થાય. ઝાએરીન માટે રસ્તો સાનુકૂળ થાય. ઝાએરીનોના હુજુમ હોય.

ખુદાયા! દુનિયામાં જનાબે ઝયનબ(સ.અ.) અને એહલેબૈત(અ.મુ.સ.)ની બીજી ઝિયારતગાહોની ઝિયારત નસીબ કર અને મૈદાને કયામતમાં તે બુઝુર્ગવારોની શફાઅત અને તેમની સાથે મહશુર થવાની ખુશનસીબી નસીબ કર... (આમીન)

**અનુસંધાન પાના નં. ૧ થી શરૂ૦૦૦---**

આવો કરબલાનો આશુરનો દિવસ કેવી રીતે અલ્લાહની શાનના પ્રદર્શનનું કેન્દ્રબિંદુ છે, જે ભૂતકાળમાં સાચા હાદીઓની તબ્લીગની રૂહ છે અને ભવિષ્યમાં સદીઓથી લઇને ઇમામ (અ.સ.)ના ઝુહુર સુધી એહમદે મુરસલ(સ.અ.વ.)ની દુઆઓનો પ્રકાશિત સુરજ છે, તેના અડધા ભાગનો અભ્યાસ કરીએ. અડધો હિસ્સો એટલા માટે કહ્યુ કે કરબલા બે પવિત્ર હસ્તીઓની તસ્લીમ અને રેઝા ઉપર કાએમ થઇ, એક ઇમામ હુસૈન(અ.સ.) ફરઝંદે રસુલ ખત્મુલ મુરસલીન (સ.અ.વ.) અને બીજી ઝાત જનાબે ઝયનબ(સ.અ.) જેઓ સય્યદતુન્નીસાઇલ આલમીન ખાતુને જન્નત(સ.અ.) અને જનાબે આસીયા, જનાબે મરયમ અને જનાબે હવ્વાની વારસદાર હતા.

જનાબે ઝયનબ(સ.અ.)નો કિરદાર આશુરાના દિવસે જે તમામ એહલે ઇસ્લામની ખાતુનો માટે એક માપદંડ અને અજોડ મિસાલ છે અને અતિશયોક્તિ ન સમજવામાં આવે તો જાણે તે દિવસે આપની હયાતની દરેક પળ એક એવી કિતાબ છે, જેમાં હોસલો તોડનાર અને સખ્ત મુસીબતમાં હિમ્મત, જુરઅત, સબ્ર, શરીઅતની હદોની સુરક્ષા, નમાઝ, રોઝાની તલ્કીન, પાક દામની, ઇસ્મત, ઇઝ્ઝત, વકાર ટુંકમાં તમામ પ્રશંસનીય સિફતો જે એક અલ્લાહની તરફથી નિયુક્ત કરેલ માર્ગદર્શન કરવાવાળી વ્યક્તિમાં હોવી જોઇએ જોવા મળે છે અને દુનિયાની તમામ ઔરતો માટે આસ્માની માપદંડ છે, જે સારલ્લાહની શાહીથી જીવલેણ પ્યાસની શીદ્દતના પાનાઓ પર લખવામાં આવી. અફસોસ એ વાતનો છે કે ઇસ્લામી વર્તુળમાં રેહવાવાળા એ લોકો કે જેના હાથમાં કલમ છે, વિચાર શક્તિ છે, ફિક્ર છે, તીવ્ર યાદ શક્તિ છે, ઇસ્લામી ઇતિહાસનો સૌથી મોટો હાદેસો કે જેને કરબલાઇયત કેહવામાં આવે છે તે તેમની સામે જ છે, અને એવુ પણ નથી કે હકીકતોની રોશની પર બાતિલના અંધારાઓ છવાયા છે પરંતુ તેનાથી જાણી જોઇને અજ્ઞાનતા વર્તે છે.

તાઅસ્સુબ (પક્ષપાત)ના ઘાટા પડદા અક્લ અને સમજણ પર પડી ગયા છે અને સત્તાની ચળવળમાં ઔરતોએ જે હિસ્સો લીધો છે અને કિરદાર અદા કર્યો છે તેના પર કલમ ચલાવી રહ્યા છે. આવી જ રીતે 'ઇસ્લામની બહાદુર ઔરતો'ના શિર્ષક હેઠળ અલીગઢ યુનીવર્સીટીના એક લેખકે લખ્યુ છે. અન્ય ગેર ઇસ્લામીક લોકોમાં આવા હજારો ઉદાહરણો મળી આવે છે. ઇસ્લામની સૌથી મોટી દુઃખની વાત આ જ છે કે ઇન્સાફ પસંદ બની હાશિમની એ બહાદુર, હિંમતવાન, સબ્ર અને અડગતા ધરાવનાર ઇસાર અને કુરબાની પર ફખ્ર કરનાર, બાવકાર ખાતુનો તરફથી પક્ષપાત અને તાઅસ્સુબના લીધે મોઢુ ફેરવે છે. આથી તેના જવાબમાં પરવાના અને વદવલ્વી મર્હુમે 'કરબલાની બહાદુર ખાતુનો' પર લખીને જડબાતોડ જવાબ આપ્યો છે.

હઝરતે ઝયનબ(સ.અ.) આવી જ બહાદુર ખાતુનોની સરદાર હતી કે જેમણે આશુરાના દિવસે પોતાના ભાઇના મીશનમાં ઝોહરના હંગામ સુધી ભરપૂર તરીકાથી મદદ કરનાર અને સાથ આપનાર છે અને શામે ગરીબાના હંગામ સુધી એકલા અને અટુલા એક તરફ ઇમામે વક્તની હિફાઝત અને બીજી તરફ ઇસ્મતો તહારતના ઘરાનાની ઔરતો અને લગભગ બની હાશિમના ૩૮ બચ્ચાઓને બચાવવામાં કોઇ શાયરના શેર મુજબ 'ઝયનબ કભી અબ્બાસથી તો કભી શેર ખુદા અલી થી' માનનીય વાંચકો! આશુરના દિવસનો કયામત અંગેઝ હંગામ અને રસુલ(સ.અ.વ.)ની ઇતરતે

એ પરિસ્થિતિમાં કેવી રીતે મુસીબતોનો સામનો કર્યો છે. કલેજામાં માત્ર સાંભળીને તિરાડ પડવા લાગે છે કે એ મોઅઝ્ઝમા કે જેનું નામ ઝયનબ (સ.અ.) હતુ કેવી રીતે એ મઝલુમોના માટે રક્ષણના ફરાએઝ અંજામ આપ્યા હશે. આ હકીકતને જોશે પોતાના એક બંદમાં એકદમ સ્પષ્ટ અને સમયની એવી તપીશ કે આંખોમાં છાલા પડી જાય એક જલક આપી છે.

*લુકે જકડ ચલ રહે થે, ગૈઝમેં થા આફતાબ*
*સુર્ખ ઝર્રોકા સમંદર, ખા રહા થા પેચો તાબ*

*તશ્નગી, ગરમી, તલાલુમ એક દહશત ઈઝતેરાબ*
*ક્યોં મુસલમાનોકી મંઝિલ ઔર આલે બુતુરાબ*
*કિસ ખતા પર તુમને બદલે ઉનસે ગિનગિન કર લિયે*
*ફાતેમાને ઈનકો પાલા થા ઈસી દિન કે લિયે*

આ સખ્ત મંઝિલ પર હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ના એ ઈમ્તેહાનનો સમય આવી ગયો હતો જ્યારે ખુદાવંદની કુદરત આવાઝ દેવાવાળી હતી ''ઈરજેઈ'' અને એ સમયે જનાબે ઝયનબ(સ.અ.)નો કિરદાર દરેક પળનો એક ઈતિહાસ લખી રહ્યો હતો જેને જોશે પોતાના બંદમાં લખી લીધો છે.

*ઝોહરકે હંગામ જબ જુકને લગા કુછ આફતાબ,*
*ઝોકે તાઅતને દિલે મૌલામેં ખાયા પેચો તાબ*
*આકે ખૈમેંસે કિસીને દૌડ કર થામી રકાબ,*
*હો ગઈ બઝમેં રિસાલતમેં ઈમામત બારયાબ*
*તશ્નાલબ ઝર્રોંપે ખૂને મશ્ક બુ બહને લગા*
*ખાક પર ઈસ્લામકે દિલકા લહૂ બહને લગા*

આ બંદમાં જનાબે ઝયનબ(સ.અ.)ની હિંમત અને અલ્લાહે અતા કરેલ બહાદુરીની એક પૂરી દાસ્તાન સામે આવી જાય છે.

રૂખ્સતીના સમયે જનાબે ઝયનબ(સ.અ.)એ ભાઇને તેમની સવારી પર સવાર કર્યા હતા, જંગ થઇ હતી, હુસૈન (અ.સ.)એ જંગ કરી અને જનાબે ઝયનબ(સ.અ.)એ ભાઇની જંગ જોઇ અને આપની નિગાહમાં હુસૈન(અ.સ.) જ્યારે જંગ કરી રહ્યા હતા, જ્યારે આપની તલ્વારના વારથી અને હુમ્લાથી કુફી અને શામી પીછેહઠ કરતા હતા, આ મંઝર જનાબે ઝયનબ(સ.અ.)એ ન જોયુ હોત તો શામના ભર્યા દરબારમાં શિમ્ર મલઉનને જડબાતોડ જવાબ આમ કહીને ન આપ્યો હોત ''શું બકવાસ કરે છે, અય મલઉન! જ્યારે મારા ભાઇ હુસૈન(અ.સ.)એ હુમલો કર્યો હતો તો તારી ફૌજના બુઝદિલ સિપાહી કુફાની ફસીલ (દિવાલ)થી ટકરાઇ રહ્યા હતા'' આ પણ એ જંગનો ઉલ્લેખ છે જેને એક તરફી જંગ કહી શકાય. શું કોઇ દિવસ ક્યાંય એવુ થયુ છે કે ત્રણ દિવસના તરસ્યા હુસૈન(અ.સ.) આ નમક હરામ લશ્કરીઓમાં તલ્વારથી હુમ્લો કરી રહ્યા હતા જેની સંખ્યા ઓછામાં ઓછી ૩૦,૦૦૦ બતાવવામાં આવે છે અને હુસૈની ખૈમાગાહમાં હવે કોઇ બાકી ન હતુ, સિવાય એક બહેન હતા જેની પનાહ અને આશરામાં આખો કબીલો હતો. જરા આશુરનો દિવસ કેવી રીતે શરૂ થયો અને કેવી રીતે તેની સાંજ થઇ તેની એક જલક જોઇ લઇએ.

## આશુરનો દિવસઃ

આવો જનાબે ઝયનબ(સ.અ.)એ આશુરની સવારથી શામે ગરીબા સુધી કેવો કિરદાર અદા કર્યો, જે મસાએબની મંઝિલ પર ઇન્સાની સ્વરૂપમાં રહીને કોઇ બીજી વ્યક્તિ સબ્ર અને સહનશક્તિ પર કાએમ રહેવા માટે દાવો કરવો તો દૂરની વાત છે, વિચારી પણ નથી શકતો. એટલા માટે જ તો આપને ઉમ્મુલ મસાએબ કહેવામાં આવે છે.

સવાર થઇ પૂર્વનો દરવાજો ખુલ્યો, સુર્યના કિરણો હજુ જમીન પર ફેલાઇ રહ્યા હતા, અલીઅકબર (અ.સ.)ની અઝાન વાતાવરણમાં ગુંજી ગઇ હતી. બાવફા અસ્હાબ માસુમ ઈમામની ઈમામતમાં નમાઝે ફજ્ર અદા કરી ચુક્યા હતા. સઈદ, નમાઝ ગુઝારોની હિફાઝતમાં એટલા તીર પોતાના સીના પર રોકી ચુક્યા હતા કે નમાઝીઓની નમાઝ ખત્મ થવા સુધી જીવતા રહ્યા અને પછી ઝખ્મો સહન ન કરી શક્યા અને શહીદ થઇ ગયા.

આમદમ બર સર એટલે કે ઈમામની મશ્ગુલીયતનો સિલસિલો શરૂ થઇ ગયો. (એટલે શાયરના કૌલ મુજબઃ

*કભી લાશ ઉઠાઇ કભી રો દિયે*
*ઈસી શુગલમે શાહ દિન ભર રહે)*

અહીં રોકાઇને આ દિવસ ઈસ્લામની સંસ્કૃતિના

ખાસ તત્વોએ પોતાના મુલ્યોને કાયમ રાખ્યા છે અને પૂરી સંસ્કૃતિની સ્વરૂપ સામે આવ્યુ છે. આમા જનાબે ઝયનબ(સ.અ.)નો કિરદાર કેવી રીતે જગમગી રહ્યો છે આને ટુંકમાં વર્ણવી દઇએ.

## જનાબે ઝયનબ(સ.અ.) અને ઇસ્લામી સંસ્કૃતિઃ

ઇસ્લામીક કલ્ચર અથવા ઇસ્લામી સંસ્કૃતિની બુનિયાદ જે કાનૂનો પર સ્થાપિત છે તેની બે શાખા છે. એક હિસ્સો ઔરતોનો છે અને બીજો હિસ્સો મર્દોનો ઘરની બહારના મામલાઓને લગતો છે. જેમાં ઘણી બધી શાખાઓ છે. જેમકે રીત-રિવાજ, શાદી, વેપાર, લેણ-દેણ, ખેતી અથવા અન્ય આર્થિક બાબતોને લગતા મૈદાનમાં કાર્યક્ષમતા. ઇસ્લામે મર્દની કાર્યક્ષમતાની શાખાને ઔરતોની કાર્યક્ષમતાની શાખાથી થોડુક આ રીતે અલગ રાખ્યુ છે. આ બંને જાતિઓ પોત પોતાના મૈદાનમાં પોત પોતાની ફરજો અંજામ આપે છે. જેના ઉસુલ શરીઅતના દ્રષ્ટિકોણથી ગોઠવેલા હોય છે. તેનું મઝહર સામે આવ્યુ છે. આ એક વિશાળ વિષય છે જેના પર ઘણી બધી કિતાબો લખાઇ ચુકી છે. બસ તેનો સાર એ છે કે જીંદગીનો સંપૂર્ણ ઇસ્લામી નિઝામ વ્યક્તિગત અને સામાજિક રીત-રિવાજોને ખત્મુલ મુરસલીનની પવિત્ર જીંદગીની સિરત અને કુર્આનના એહકામની બુનિયાદ પર એક બંધારણ ઘડવામાં આવ્યુ છે અને તેની હેઠળ ઔરતોનુ અમલનુ મૈદાન ઘરને સંભાળવુ, બાળકોની પરવરીશ, સમાજની ઔરતો સાથે સંબંધ, તેમની દરમિયાન ઇસ્લામી તાઅલીમાતનો પ્રચાર અને પ્રસાર વિગેરે વિગેરે.

ત્યાર પછી મર્દોના કાર્યનુ વર્તુળ ઘરની બહાર વધારે કાર્યક્ષમતાનું છે. સમાજ, અર્થતંત્ર અને જીંદગીની જુદી જુદી શાખાઓ વિગેરે છે. જેમાં એક સ્પષ્ટ ફરક જે અન્ય મઝહબો અને મઝહબે ઇસ્લામમાં છે તે એ છે કે ઇસ્લામ અને હુકુમત બનાવવાના પરિબળો એક છે. બીજા મઝહબોમાં હુકુમત બનાવવી અને મઝહબને અલગ અલગ રાખવામાં આવ્યુ છે. વિગત માટે માનનીય ઓલમા જે શોધ અને સંશોધનના મૈદાનમાં પ્રવૃત છે તેઓની તરફ રૂજુ કરવું જોઇએ અને શીઆ મઝહબમાં તકલીદ કરવાવાળા માટે તવઝીહુલ મસાએલ એક સંપૂર્ણ હિદાયત છે.

ખુદા બેહતર જાણે છે કે કરબલાનો એ કરૂણ બનાવ જેની શરૂઆત ૨૮ રજબ હિ.સ. ૬૦ માં થઇ અને આશુરાના દિવસે કમાલની મંઝિલ પર પહોંચી. એક ઇસ્લામી જીંદગીના સંપૂર્ણ નિઝામને ઘેરી લીધેલ છે. આના પર સ્વતંત્ર ઇસ્લામના એ આલિમ જે એહલેબૈત(અ.મુ.સ.)થી રસુલ (સ.અ.વ.)ના ફરઝંદોના નેતૃત્વના પણ માનવાવાળા છે પોતાની ઇલ્મી કાબેલીયતના થકી જાહેર અને રોશન કેમ નથી કરતા? લેખકે જોયુ છે કે અબ્દુલ કાદિર તાહેરી ઇન્સાફ તરફ વલણ જરૂર ધરાવે છે પણ એવુ લાગે છે કે બે લાઇનની વચ્ચે તેઓની ફિક્ર છુપાયેલી છે. કરબલા સંપૂર્ણ રીતે ઇસ્લામી વ્યવસ્થા હેઠળ છે તેને સાબિત કરવામાં ટૂંકી વિચારધારાથી કામ લીધુ છે.

## આશુરાનો દિવસઃ

અમૂક આવી જ વિચારધારાની રોશનીમાં દિમાગમાં ધીરે ધીરે પ્રશ્નો ઉદ્ભવે છે અને જ્યારે તેને જવાબ મળી જાય છે તો દિલના સુકુનનુ કારણ બને છે.

(૧) શું કરબલાની જંગ એક સ્વતંત્ર જંગના સ્વરૂપને સામે લાવે છે?

(૨) શું જંગનો નકશો માત્ર એક તરફનો હતો?

(૩) શું જંગની પેહલા નેઝા ઉપાડવાવાળાઓની સફો, તીરંદાઝોની સફો, પ્યાદા, ઘોડે સવારોના ટોળા અને આગળ તેઓના સરદાર. યઝીદની ફૌજે તેનો નકશો તૈયાર કરી લીધો હતો?

(૪) સૌ પ્રથમ પાણીની નહેર પર પહેરો, આ કઇ યોજના હેઠળ હતો?

(૫) યઝીદની તરફ લશ્કરમાં માત્ર સિપાહી હતા, તેનો બંદોબસ્ત હતો, હથિયારો પુષ્કળ હતા, એક ટોળુ બીજા ટોળાની અવાજ પર કાન દઇને સાંભળતુ હતુ.

(૬) યઝીદની ફૌજમાં ન તો બાળકો હતા, ન ઔરતો હતી, ન તો ઉગતી વયના તરબીયત પામેલા કિશોરોનું લશ્કર હતુ.

## જવાબઃ

(૧) કરબલાની જંગઃ હુસૈન(અ.સ.) એક કાફેલાની સાથે કરબલામાં દાખલ થયા હતા. કોઇ ઇતિહાસ નથી બતાવતો કે હુસૈન(અ.સ.)ના આ કાફેલાએ પેહલા કોઇ જંગના મૈદાનનો નકશો તૈયાર કરીને એક યોજના હેઠળ જંગ પર તૈયાર થઇ ગયા હોય.

(૨) આશુરાનો દિવસઃ એક બની હાશિમ આ કાફેલાને જંગનું સ્વરૂપ આપી દેવામાં આવી જેનો જંગનો કોઇ ઇરાદો ન હતો એટલે કે આ એક તરફી જંગના પ્લાનની સામે જાણે સંપૂર્ણ ઇસ્લામી જીંદગીની વ્યવસ્થાએ અડખમ રહીને મુકાબલો કર્યો હતો એ ઇસ્લામના બુઝદિલ દુશ્મનોથી કે જેઓનુ કાવતરૂ હતુ અગર હુસૈન(અ.સ.) તુટી ગયા તો પુરો ઇસ્લામ ફક્ત હુકુમતના વેરવીખેર રાજકારણના હાથોમાં આવી જશે. જેનો એહસાસ મરતી વખતે અમ્રેઆસે કર્યો હતો અને જેનો સાક્ષી તેનો કસીદએ જલીલીઆ છે.

## વિગતવાર માહિતીને દૂર કરવીઃ

જ્યારે એક એવો કાફેલો જે હુસૈન(અ.સ.)ની સરદારીમાં પોતાની રાહ તરફ ચાલી રહ્યો હતો જેને રોકવામાં આવ્યો અને આશુરાના દિવસે ઇમામ હુસૈન(અ.સ.)એ સંપૂર્ણ ઇસ્લામી જીંદગીની વ્યવસ્થાનો એક ક્ષિતિજ નકશો દુનિયાની સામે રાખી દીધો તો ઇસ્લામની રોશની ફેલાવવા લાગી.

## જનાબે ઝયનબ(સ.અ.):

દુનિયાના ઇતિહાસમાં ન તેમની મિસાલ મળી છે અને ન મળશે કે આટલા બધા લશ્કરી લોકોને આટલા ઓછા મુજાહીદોની સંખ્યાએ એવી રીતે ભયભીત કરી દીધા કે મદીનાને બરબાદ (હર્રાનો બનાવ) કર્યા પછી બની હાશિમના મહોલ્લા તરફ યઝીદી ફૌજે આંખ ઉંચી કરીને જોવાની હિંમત ન કરી.

હુસૈન(અ.સ.) પોતાની ઇસ્લામી તેહઝીબ જેના આપ અંબિયા(અ.મુ.સ.)ના વારસદાર હતા એવી રીતે ૩૦ હજારની ફૌજથી ટકરાયા કે ઇમામ હુસૈન(અ.સ.)ની દ્રઢતા અને મક્કમતાને સમજવા માટે દુનિયાના વિદ્વાનો આશ્ચર્યમાં ડુબી ગયા છે. જેવી રીતે જીંદગીના ઇસ્લામી નિઝામની આપના જદ્દે બુનિયાદ નાખી હતી, તેનો ઉમદા નમૂનો કરબલા છે. બે હિસ્સાથી વેહચાયેલ પરિબળો પર વિચાર કરીએ. ખૈમાઓની બહાર રણનુ મૈદાન હતુ. હઝરત અબ્બાસ(અ.સ.)એ ઇમામ (અ.સ.)ની પાછળ પાછળ કાન ધરેલા હતા કે ઇમામ (અ.સ.)નો શું હુકમ થાય છે. આ બાજુ મુખદ્દરાતે ઇસ્મતો તહારત (એહલેબૈત અ.મુ.સ.ની પવિત્ર ઔરતો) અને લગભગ ૩૮ નાના માસુમ બચ્ચાઓ પ્યાસની શીદ્દતથી બેહાલ, અર્ધમૃત, હોઠ સુકાઇ ગયા હતા, ચેહરા મુર્જાયેલા હતા પરંતુ દરેક જનાબે ઝયનબ(સ.અ.)ના હુકમના મુન્તઝીર, હઝરત અબ્બાસ(અ.સ.)ની જેમ જનાબે ઉમ્મે કુલસુમ, જનાબે ઝયનબ(સ.અ.)ની સાથે સાથે હુકમની પૈરવી કરતા હતા.

સવારથી એક પહોરની જંગ સુધી બાવફા અસ્હાબ કફન જેવા ખુનવાળા લિબાસમાં શહાદતનો જામ પીને પોતાના મૌલા પર પોતાની જાન કુરબાન કરી ચુક્યા હતા. બધાની લાશો ક્રમાનુસાર રાખવામાં આવી હતી. કોઇ ઇતિહાસ, કોઇ મકતલની કિતાબમાં ક્યાંય પણ એક રિવાયત મળતી નથી કે કોઇ બીબી પ્યાસની શીદ્દતની ફરિયાદથી અને તે ખોફનાક માહોલમાં હોશ ગુમાવીને અથવા પોતાની જાતને ભૂલીને ખૈમાથી એક ડગલુ બહાર નીકાળ્યુ હોય. આ વ્યવસ્થા, આ સુવ્યવસ્થા, આ ફિદાકારીનો જઝબો જનાબે ઝયનબ (સ.અ.)ના કિરદાર અને આપની હક્કાનીયત અને આપની તાલીમ અને આપની લાગણીની હેઠળ હતી.

સુરજ જ્યારે એક પહોર ગુજારીને બે પહોરની તરફ આગળ વધી રહ્યો હતો. બની હાશિમના જવાનો જેના માટે મીર સાહેબે કહ્યુ છેઃ

***સબ કે રૂખો કા નૂર સિપહરે બરીં પે થા***
***અઠ્ઠારાહ આફતાબો કા ગુંચા ઝમીં પે થા***

એક પછી એ બધા શહીદ થઇ ગયા ત્યાં સુધી કે અલી અસ્ગર પણ શહીદ થઇ ગયાઃ

***નન્હી સી કબ્ર ખોદ કે અસ્ગર કો ગાડ કે***
***શબ્બીર ઉઠ ખડે હુવે દામન કો જાડ કે***

છેવટે બે પહોરનો સુરજ પણ આગ વરસાવવા લાગ્યો. હુસૈન(અ.સ.) એકલા છે, આબિદે બિમાર(અ.સ.) ખાલિકના સજ્દામાં છે. બેહોશીની

હાલત પણ છવાઇ જાય છે. બચ્ચાઓ કે જેની સંખ્યા ૩૮ બતાવવામાં આવે છે, ખાલી કુજાઓ હાથમાં લઇને ક્યારેક આંખો કમઝોરીથી બંધ કરી લેય છે, ક્યારેક કમઝોર અવાજમાં પાણીનો સવાલ કરે છે. ઇસ્મતો તહારતની ખાતૂનોની પ્યાસની શીદ્દતના કારણે કેવી હાલત થતી હશે તે હાલતનુ વર્ણન કરવુ અશક્ય છે. જ્યારે જાનવર અર્ધમૃત હાલતમાં થઇ રહ્યા હતા. આવા માહોલમાં દરેક ખૈમાની ખબર લેવી, બચ્ચાઓને સંભાળવા, સબ્રની તલકીન કરવી, ફિદાકારીના જઝબાને જોશ દેવડાવીને સાથ કાયમ રાખવો, દરેક બીબીની ગિર્યા અને જારી પર સાબિત કદમીને બાકી રાખવા માટે સારા અંજામનુ યકીન દેવડાવવુ. જાણે કે જનાબે ઝયનબ(સ.અ.) તમામ ઔરતોના માહોલ પર છવાએલા હતા.

દાખલા તરીકે જનાબે કાસીમ(અ.સ.)ની પામાલ લાશ આવી ઉમ્મે ફરવાને સંભાળ્યા, અલી અકબર(અ.સ.)ની લાશ આવી, હુસૈન(અ.સ.)નુ ધ્યાન ગમ ઓછો કરવા પોતાની તરફ વાળ્યુ. અબ્બાસ અલમદારના કપાએલા હાથો આવ્યા જનાબે સકીના(સ.અ.)ને સંભાળ્યા. અગર જોવામાં આવે તો ખુદાની કુદરતનુ એટલે જનાબે ઝયનબ(સ.અ.) મઝહર હતા. એક જનાબે ઝયનબ(સ.અ.) અને એક ઉમ્મે કુલસુમ(સ.અ.) સાથે સાથે પોતાનો કિરદાર એવી રીતે અદા કરી રહ્યા હતા કે કોઇ બીબી માટે એવી નિશાની નથી મળતી કે તેણે શરીઅતની હદોની બહાર પગ રાખ્યો હોય. તેમાં દરેક બીબીનો પોતાનો કિરદાર તો છે જ પરંતુ સહારો દેવાવાળા અલી(અ.સ.)ની શેર દિલ બેટી હતા.

એક તરફ ટુંકાણમાં નકશો નજર સામે રાખો અને જનાબે ઝયનબ(સ.અ.)ની હિંમત અને હોંસલો અને સહનશક્તિ તેમજ હઝરત ઇમામ હુસૈન(અ.સ.)ની નુસરતનો મિર્ઝા દબીરના આ બંદથી અંદાજો લગાવો

*હુસૈન જબ કે ચલે બઅ્દે દો પહર રન કો — ન થા કોઈ જો થામે રકાબ તોસન કો,*
*સકીના જાડ રહી થી અબા કે દામન કો — હુસૈન ચુપ કે ખડે થે જુકાએ ગરદન કો,*
*ન આસરા થા કોઈ શાહે કરબલાઈ કો — ફકત બહનને કીયા થા સવાર ભાઈ કો*

હુસૈન(અ.સ.)ની શહાદત પછી હવે જનાબે ઝયનબ (સ.અ.)ની જવાબદારી કેટલી વધી ગઇ કોઇ તેનો અંદાજો લગાવી શકાતો નથી. માલો સામાન લુટાઇ ગયો, ખૈમા સળગાવી દીધા, શરીઅતના રક્ષણહાર જનાબે ઝયનબ (સ.અ.) ઇમામે વક્તને મસઅલો પુછી રહ્યા છેઃ ઇમામે વક્ત બતાવો કે બળીને ખૈમામાં જાન આપી દઇએ કે ખૈમામાંથી બહાર નિકળીએ? ઇમામ(અ.સ.)એ જવાબ આપ્યોઃ ખૈમામાંથી બહાર નિકળી જાવ. તમામ બીબીઓ જનાબે ઝયનબ (સ.અ.)ના નેતૃત્વની હેઠળ ખૈમામાંથી બહાર આવી ગયા. દિવસ ઢળી ગયો, શામે ગરીબા આવી. અલી(અ.સ.) ની બેટી પોતાની સાથે જનાબે ઉમ્મે કુલસુમ (સ.અ.)ને લઇને ઇસ્મતો તહારતની ખાતૂનોની અને બચ્ચાઓની હિફાઝત કરવા લાગ્યા.

*આશુર કી વો શામ વો રન બોલતા હુવા — ગમ કા વો કાએનાત પર પર્દા પડા હુવા*
*ખૈમોમે અશ્કીયા કે ચરાગા કા એહતેમામ — રન મે ચરાગે સિબ્તે પયમ્બર બુજા હુવા*

આ છે જનાબે ઝયનબ(સ.અ.) અને આ છે અક્કલ હૈરાન કરનાર તેમનો કિરદાર. આ છે શરીઅતના નિઝામને બાકી રાખવા માટે મુસીબતોની દરેક મંઝિલ પર અલ્લાહનો શુક્ર અદા કરવાવાળી ઝાત. શામ ઢળી ગઇ, એક સવારને આવતા જોયા, અલી(અ.સ.)ની બેટી ગુસ્સામાં આવી આગળ વધીને ઘોડાની લગામ પર હાથ નાખ્યો, તુટેલો નેઝો આગળ વધાર્યો, ઘોડે સવારે પોતાના ચહેરા ઉપરથી નકાબ ઉઠાવી, કોણ હતા? અલી(અ.સ.) હતા અને જનાબે ઝયનબ (સ.અ.)એ ચોક્કસ કહ્યુ હશેઃ હવે આવ્યા છો બાબા!!

આખરમાં એક પૈગામ છે, અગર આજે જનાબે ઝયનબ (સ.અ.)નો કિરદાર આપણી અઝમતવાળી ઔરતો શરીઅતની સંભાળ લેવાના બારામાં પોતાના માટે રસ્તાની મશાલ તરીકે અપનાવી લેય તો આપણા સૌનો સંપૂર્ણ સમાજ ઝમાનાના ઇમામ(અ.સ.)ની સામે સુરખરૂ થઇ જશે. અય અલ્લાહ! હુસૈન(અ.સ.)ના ખુનનો બદલો લેનાર ઇમામ (અ.સ.)ના ઝુહુરમાં જલ્દી ફરમાવ. આમીન.